# રાજકોટ મિરર

DAILY MORNING NEWS PAPER

આમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Year : 15 | Issue : 430 | Dt. 16-09-2026 | Page : 08 | Price : Rs 3

RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA

Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT


# UPI ટ્રાન્ઝેક્શન FREE

## જાણો કેટલા રૂપિયા પર લાગશે MDR ચાર્જ : યુઝર્સ માટે કોઈપણ પ્રકારનો વધારાનો ચાર્જ ચૂકવવાનો રહેશે નહીં

નવી દિલ્હી, તા.૧૫

દેશમાં ડિજિટલ ટ્રાન્ઝેક્શનને પ્રોત્સાહન આપવા અને સામાન્ય નાગરિકો પર વધારાનો આર્થિક બોજ ન પડે તે માટે કેન્દ્ર સરકારે યુપીઆઈ ની મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ નીતિ અંગે એક અત્યંત મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. સરકારની આ નવી સ્પષ્ટતા બાદ સામાન્ય ગ્રાહકો માટે યુપીઆઈ થી પેમેન્ટ કરવાની પ્રક્રિયા તદ્દન મફત રહેશે. યુઝર્સ માટે કોઈપણ પ્રકારનો વધારાનો ચાર્જ ચૂકવવાનો રહેશે નહીં.

કેન્દ્ર સરકારની આ નીતિ મુજબ સામાન્ય ગ્રાહકો માટે યુપીઆઈ સેવા સંપૂર્ણપણે ચાર્જમુક્ત રાખવામાં આવી છે. રૂ. ૨૦૦૦ સુધીના કોઈપણ યુપીઆઈ ટ્રાન્ઝેક્શન પર કોઈ ચાર્જ લાગશે નહીં. આ ઉપરાંત, દેશના નાના વેપારીઓના ડિજિટલ વિકાસને ધ્યાનમાં રાખીને મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ શૂન્ય રાખવામાં આવ્યો છે. જે નાના વેપારીઓનું મહિનામાં ૧ લાખ રૂપિયા સુધીનું ટ્રાન્ઝેક્શન હશે, તેમની પાસે પણ કોઈ ચાર્જ લેવામાં આવશે નહીં. નાના વેપારીઓને ડિજિટલી વધુ સક્ષમ બનાવવા માટે સરકારે એક અલગ ફંડ




બનાવવાની પણ જાહેરાત કરી છે.

સરકાર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે મોટા મર્ચન્ટ પેમેન્ટ્સ માટે અલગ સ્લેબ નક્કી કરવામાં આવ્યો છે. રૂ. ૨૦૦૦ થી વધુના પેમેન્ટ પર નિયમિત ખઉછ ચાર્જ લાગુ થશે. ખાસ કરીને રૂ. ૨૦૦૦થી ઉપરના ૃરખ ટ્રાન્ઝેક્શન પર ૦.૪ ટકા ચાર્જ નક્કી કરવામાં આવ્યો છે. આ સિવાય અમુક ચોક્કસ કેટેગરીના બિઝનેસમાં પણ રૂ. ૨૦૦૦થી ઉપરના વ્યવહારો પર ૦.૪ ટકા ખઉછ લાગુ કરવામાં આવશે. જોકે, મોટા વ્યવહારોમાં પણ વેપારીઓને રાહત આપવા માટે મહત્તમ MDR ચાર્જની મર્યાદા ૩૦૦ રૂપિયા સુધી જ મર્યાદિત રાખવામાં આવી છે.

નવી નીતિ અંતર્ગત કેટલીક વિશેષ સેવાઓ માટે ફિક્સ ચાર્જ નક્કી કરવામાં આવ્યા છે. રેલવે, પેટ્રોલ-ડીઝલ અને ટેલિકોમ ક્ષેત્રે રૂ. ૫ ફિક્સ ચાર્જ લાગુ કરવામાં આવશે. આ સિવાય કૃષિ ઈનપુટ એટલે કે ખેતી સંબંધિત વસ્તુઓની ખરીદી પર રૂ. ૨૦૦૦થી વધુનું પેમેન્ટ કરવા પર પણ રૂ. ૫ ચાર્જ લેવામાં આવશે. સરકારના આ નિર્ણયથી સામાન્ય લોકોને મોટો દિલાસો મળ્યો છે, જ્યારે બીજી તરફ ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ અને વેપારીઓ માટે એક સ્પષ્ટ આર્થિક માળખું તૈયાર થયું છે.

રૂ.૭૫,૦૦૦ કે તેથી વધુના ટ્રાન્ઝેક્શન માટે ખઉછની મહત્તમ મર્યાદા રૂ.૩૦૦ પ્રતિ ટ્રાન્ઝેક્શન રહેશે. એટલે કે રૂ.૧ લાખના પેમેન્ટ પર ૦.૪૦% પ્રમાણે રૂ.૪૦૦ થવા છતાં વેપારી પાસેથી માત્ર રૂ.૩૦૦ જ લેવામાં આવશે.નવા નિયમનો સીધો બોજ ગ્રાહકો પર નહીં આવે. યુપીઆઈથી પેમેન્ટ કરનારા ગ્રાહકો માટે સેવા ફ્રી રહેશે. મિત્રો અથવા પરિવારને પૈસા મોકલતા ૃર૩ ટ્રાન્ઝેક્શન પર પણ કોઈ ચાર્જ લાગશે નહીં.યુપીઆઈ ચછ કોડ દ્વારા દર મહિને રૂ.૧ લાખ સુધીનું પેમેન્ટ મેળવતા નાના વેપારીઓને MDRમાંથી છૂટ આપવામાં આવશે. એટલે નાના દુકાનદારો અને વેપારીઓ માટે આ વ્યવસ્થામાં વધારાનો ચાર્જ નહીં આવે.રેલવે, ટેલિકોમ સર્વિસ, વીમા અને ઈંધણ જેવા ક્ષેત્રોમાં રૂ.૨,૦૦૦થી વધુના પેમેન્ટ પર ૦.૪૦% MDRની જગ્યાએ માત્ર રૂ.૫ પ્રતિ ટ્રાન્ઝેક્શનનો ફ્લેટ ચાર્જ લાગશે.

## અમેરિકાના દબાણમાં સરકારે નિર્ણય લીધાનો કેન્દ્ર પર રાહુલ ગાંધીનો ગંભીર આરોપ

# UPI પર ફીસ વસૂલવાનો રસ્તો ખોલ્યો! : રાહુલ

દિલ્હી, તા.૧૫

દેશમાં ડિજિટલ પેમેન્ટનું મુખ્ય સાધન બની ચૂકેલા યુપીઆઈને લઈને રાજકીય વિવાદ શરૂ થઈ ગયો છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કેન્દ્ર સરકાર પર નિશાન સાધતા દાવો કર્યો છે કે સરકારે યુપીઆઈ પર ચાર્જ વસૂલવાનો રસ્તો ખોલી દીધો છે, જેનો આડકતરી રીતે બોજ સામાન્ય જનતા પર પડશે.

મીડિયા પર નિવેદન આપતા કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ દાવો કર્યો હતો કે ૨૦૦૦ રૂપિયાથી વધુના મર્ચન્ટ પેમેન્ટ પર ટ્રાન્ઝેક્શન ફી લાગુ થઈ શકે છે. જો કે આવા વ્યવહારોની સંખ્યા ઓછી છે, પરંતુ કુલ યુપીઆઈ ટ્રાન્ઝેક્શન વેલ્યુમાં તેનો હિસ્સો ઘણો મોટો છે. રાહુલ ગાંધીએ વધુમાં આક્ષેપ કર્યો હતો કે, અમેરિકન પેમેન્ટ કંપનીઓ ભારતની ઝીરો-એમડીઆર (યજ્ઞિ-MDR) નીતિનો લાંબા સમયથી વિરોધ કરી રહી હતી અને હવે



વર્તમાન સરકાર આ જ અમેરિકન દબાણ સામે ઝૂકી રહી છે.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પણ સરકાર પર પ્રહાર કરતા પૂછ્યું કે, 'શું એ સાચું છે કે ૫૦૦૦ રૂપિયાના વ્યવહાર પર ૨૫ રૂપિયા અને ૧૦,૦૦૦ રૂપિયા પર ૫૦ રૂપિયા સુધીની સંભવિત વસૂલાત થઈ શકે છે? જો વેપારીઓ પર વધારાનો આર્થિક બોજ પડશે, તો તેઓ આ ખર્ચ ચીજવસ્તુઓની કિંમતો વધારીને આખરે સામાન્ય ગ્રાહકો પાસેથી જ વસૂલ કરશે.'

આ સમગ્ર વિવાદ અંગે કેન્દ્ર સરકારનું સ્પષ્ટ વલણ છે કે સામાન્ય નાગરિકો કે યુપીઆઈના રોજિંદા યુઝર્સ પાસેથી કોઈ પણ પ્રકારની ટ્રાન્ઝેક્શન ફી વસૂલવાનો સરકારનો કોઈ જ ઈરાદો નથી. ૨૦૦૦ રૂપિયા સુધીના તેમજ બે વ્યક્તિઓ (P2P) વચ્ચે થતા તમામ વ્યવહારો બિલકુલ નિઃશુલ્ક રહેશે. સરકારનું એમ પણ કહેવું છે કે ડિજિટલ પેમેન્ટ સિસ્ટમને વધુ સક્ષમ અને લાંબા સમય સુધી ટકી રહે તેવી બનાવવા માટે જ આ નવા વિકલ્પો પર વિચારણા થઈ રહી છે, જેથી આમ જનતાની ઉપર કોઈ વધારાનો નાણાકીય બોજ ના પડે.

## ૮૦ ટકા બરફ પાણી બનવાની ચેતવણી! : રિપોર્ટ

# પીગળેલા હિમાલયથી ભારત પર જળસંકટનો તોળાતો ખતરો

નવી દિલ્હી, તા.૧૫

હિમાલયના ગ્લેશિયર ૧૦ વર્ષ પહેલાની સરખામણીએ હવે ૬૫% વધુ ઝડપથી પીગળી રહ્યા છે. આ રિપોર્ટ 'સિસ્ટેમિક' અને 'ઇન્ટિગ્રેટેડ માઉન્ટેન ઈનિશિયેટિવ' દ્વારા જાહેર કરાયો છે. નેપાળ-તિબેટમાં પૂરની સ્થિતિ વચ્ચે આ ખુલાસો થયો છે. ગ્લોબલ વોર્મિંગ અને બ્લેક કાર્બન મુખ્ય કારણ છે. રિપોર્ટ મુજબ, ૨૧૦૦ સુધીમાં હિન્દુ કુશના ૮૦% ગ્લેશિયર પાણી બની જશે.

હિમાલયના ગ્લેશિયર પીગળવાને લઈને એક અત્યંત ચોંકાવનારો રિપોર્ટ સામે આવ્યો છે, જે સમગ્ર ક્ષેત્ર માટે ગંભીર ચિંતાનો વિષય છે. રિપોર્ટ મુજબ, એક દાયકા પહેલાની સરખામણીએ હવે હિમાલયના ગ્લેશિયર આશરે ૬૫ ટકા વધુ ઝડપથી પીગળી રહ્યા છે. આ સંશોધન ગ્લોબલ કન્સલ્ટન્સી સિસ્ટેમિક દ્વારા ઇન્ટિગ્રેટેડ માઉન્ટેન ઈનિશિયેટિવ સાથે મળીને કરવામાં આવ્યું છે. જેમાં અન્ય અસંખ્ય



સંસ્થાઓએ પણ યોગદાન આપ્યું છે. આ અહેવાલ એવા સમયે આવ્યો છે જ્યારે નેપાળ અને તિબેટના હિમાલયમાં ભયાનક પૂરની સ્થિતિ સર્જાઈ ચૂકી છે અને હજારો લોકો પ્રભાવિત થયા છે.

શોધમાં ખુલાસો થયો છે કે હિમાલય ક્ષેત્રમાં ભારતની ભૂમિ માત્ર ૧૮ ટકા જ છે, પરંતુ કુદરતી આપત્તિઓનો ૩૫ ટકા હિસ્સો આ જ ક્ષેત્રમાં નોંધાય છે. ભારતીય હિમાલયના જે ક્ષેત્ર પર મોટું સંકટ તોળાઈ રહ્યું છે, તેનું દેશની જીડીપીમાં ૨૦ ટકા જેટલું મોટું મહત્ત્વ અને યોગદાન છે. આ ગ્લેશિયર ઝડપથી પીગળવા પાછળ ગ્લોબલ વોર્મિંગની સાથે-સાથે 'બ્લેક કાર્બન' સૌથી મોટું કારણ છે. મેદાની વિસ્તારોના ઈંટ-ભઠ્ઠાઓમાંથી નીકળતો ધુમાડો બ્લેક કાર્બન તરીકે ગ્લેશિયર પર જમા થાય છે, જેના કારણે બરફ અતિ ઝડપથી ઓગળવા લાગે છે.

રિપોર્ટમાં સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે આ સદીના મધ્ય સુધીમાં હિમાલય બેસિનની નદીઓમાં પાણીનું સ્તર પોતાના ચરમ પર પહોંચી જશે અને ત્યારબાદ નદીઓ સૂકાવા લાગશે. એટલું જ નહીં, વર્ષ ૨૧૦૦ સુધીમાં હિન્દુ કુશ ક્ષેત્રમાં રહેલા ગ્લેશિયરનો ૮૦ ટકા જથ્થો પાણી બનીને જોખમમાં મુકાઈ જશે. ભારત સરકાર અને સંબંધિત તંત્રએ બ્લેક કાર્બનના ઉત્સર્જનને રોકવા માટે તાત્કાલિક ધોરણે નક્કર પગલાં લેવાની તાતી જરૂર છે, જેથી ભવિષ્યની આ ભયાનક આપત્તિથી બચી શકાય.

# પાંચ વર્ષમાં જ વિનાશ નિશ્ચિત!

## ગૂગલના ટોચના AI વૈજ્ઞાનિકનું રાજીનામું, આપી ભયાનક ચેતવણી

નવી દિલ્હી, તા. ૧૫

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના અતિ ઝડપી અને અનિયંત્રિત વિકાસ સામે ટેક જગતના વૈજ્ઞાનિકોનો ભય સતત વધી રહ્યો છે. તાજેતરમાં એન્થ્રોપિકના રિસર્ચર જેકબ કોક્સન દ્વારા માનવજાતના અસ્તિત્વ સામે તોળાતા જોખમોની ચેતવણી આપ્યા બાદ, હવે ગૂગલ ડીપમાઇન્ડની AGI સેફ્ટી ટીમના અગ્રણી રિસર્ચર જોશ એન્જલ્સે કંપનીમાંથી રાજીનામું આપી દીધું છે. એન્જલ્સે ઘાયક્ષઅઈ અને એન્થ્રોપિક તરફથી મળેલી મોટી ઓફર્સ પણ ફગાવી દીધી છે અને AI ઇવેલ્યુએશન સંસ્થા 'METR'માં જોડાયા છે.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ડ પર પોતાની પોસ્ટમાં જોશ એન્જલ્સે જણાવ્યું કે તેણે ૩ અઠવાડિયા પહેલાં ડીપમાઇન્ડ છોડ્યું હતુંઃ''મને હવે એવો ભયાનક ડર લાગી રહ્યો છે કે આગામી ૫ વર્ષમાં જ AI સિસ્ટમ્સ માનવજાતને અકલ્પનીય મોટું નુકસાન પહોંચાડી શકે છે. મને ચોક્કસ ટકાવારી નથી ખબર, પરંતુ આ જોખમ એટલું વિશાળ છે કે આજે વિશ્વમાં એઆઈ સેફ્ટી સૌથી મહત્ત્વપૂર્ણ સમસ્યા બની ચૂકી છે.''



જ્યારે કોઈ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ સિસ્ટમ અન્ય નવી AI સિસ્ટમ્સ ડિઝાઇન કરવા કે સુધારવા સક્ષમ બને છે, ત્યારે તે નવી સિસ્ટમ વધુ ઝડપથી પોતાને સુધારે છે. આનાથી એક એવો ઝડપી લૂપ સર્જાય છે જે માણસના નિયંત્રણ બહાર જતો રહે છે.

સુપરઇન્ટેલિજન્સની આંધળી દોડઃ તમામ મોટી ટેક કંપનીઓ માનવીય મગજ કરતાં હજારો ઘણી ઝડપી 'સુપરઇન્ટેલિજન્સ' સિસ્ટમ બનાવવા પાછળ દોડી રહી છે.

જોશ એન્જલ્સના મતે, સૌથી ગંભીર સમસ્યા એ છે કે વૈજ્ઞાનિકો આ સિસ્ટમ્સને માનવીય મૂલ્યો અને નિયંત્રણો સાથે સુરક્ષિત રાખવાનું હજુ સંપૂર્ણપણે શીખી શક્યા નથી. જો કોઈ અનિયંત્રિત અઈ સેલ્ફ-ઈમ્પ્રૂવમેન્ટ લૂપ શરૂ કરશે, તો તે વૈશ્વિક આપત્તિ સર્જી શકે છે.

રિસર્ચર્સે જોયું છે કે આધુનિક મોડેલ્સ એકબીજા સાથે ગુપ્ત રીતે સાંઠગાંઠ કરી રહ્યા છે.કંપનીઓના નેટવર્કમાં હેકિંગ કરવું, પોતાની ક્રિયાઓ અને પુરાવા છુપાવવા તથા મનુષ્યો સાથે સોશિયલ એન્જિનિયરિંગ (છેતરપિંડી) કરવાના ગંભીર કિસ્સા સામે આવ્યા છે. તેમણે સ્પષ્ટ કર્યું કે સમય જતાં AI મોડેલ્સ માણસોના નિયંત્રણમાં આવવાને બદલે વધુ અનિયંત્રિત બની રહ્યા છે.

# ક્રૂડ ઓઈલની અછત-ઈંધણ મોંઘા થવાના એંધાણ

## સાઉદી અરેબિયાની ઈસ્ટ-વેસ્ટ પાઈપલાઈન બંધઃ શું પેટ્રોલ અને ડીઝલના ભાવ આસમાને પહોંચશે?



નવી દિલ્હી, તા.૧૫

રાન સમર્થિત હૂતીઓના હુમલા બાદ મિડલઈસ્ટમાં ફરીવાર માહોલ યુદ્ધનો બની રહ્યો છે. આ હુમલા બાદ ચોક્કસ સમયના અંતર પછી મિડલઈસ્ટનું વાતાવરણ તણાવગ્રસ્ત બની રહ્યું છે. ખાસ કરીને ઈરાનથી લઈને દુબઈ સુધીના આખા વિસ્તારમાં ક્રૂડ ઉત્પાકોના પેટમાં તેલ રેડાયું છે. સાઉદી અરેબિયાએ આ મામલાની ગંભીરતાથી નોંધ લઈને શુક્રવારે પોતાની એક ઈસ્ટ વેસ્ટ પાઈપલાઈન બંધ કરી દીધી છે. આના કારણે ગ્લોબલ માર્કેટમાં ક્રૂડની અછત ઊભી થાય એવા પૂરા એંધાણ છે.

તેલની અછત ઊભી થવાની શક્યતાએ ન માત્ર તેલની કિંમત પણ અન્ય કોમોડિટીઝને પણ આની સીધી અસર પહોંચવાની પૂરી શક્યતાઓ છે. હૂતીઓએ એવા સમયે હુમલો કર્યો છે જ્યારે સમગ્ર દુનિયા મિડલઈસ્ટમાં યુદ્ધના માહોલને લઈને તેલની ચિંતા કરી રહી છે. ખાસ કરીને અછતના વાતાવરણમાં વૈકલ્પિક વ્યવસ્થા શોધી રહી છે.

હૂતીઓએ કરેલા હુમલાએ ક્રૂડ માર્કેટમાં હડકંપ મચાવી દીધો છે. પાઈપલાઈન ઠપ છતા ક્રૂડની કિંમતમાં અણધાર્યો અચાનક ઉછાળો પણ જોવા મળ્યો છે. ક્રૂડ ઓઈલના ભાવ ૧૦૯ ડોલરને પાર થતા સપ્લાય ચેઈન ફરીવાર તૂટે એવી શક્યતાઓ સેવાઈ રહી છે. આનાથી ફરીવાર ગ્લોબલ લેવલ પર ફ્યુઅલ ક્રાઈસીસ ઊભા થાય એવી આશંકા છે, એવું નિષ્ણાંતોનું કહેવું છે. આ પાઈપલાઈન મિડલઈસ્ટમાં ક્રૂડ માટેનો મુખ્ય સ્રોત છે, જે ક્રૂડ ઓઈલને સ્ટ્રેટ ઓફ હોર્મુઝના બદલે રાતા સમુદ્ર સુધી પહોંચાડે છે.

સ્ટ્રેટ ઓફ હોર્મુઝ એ સમુદ્રી રસ્તો છે જ્યાંથી ફેબ્રુઆરી મહિનામાં અમેરિકાએ ઈઝરાયલના સહારે હુમલા કરીને ૨૦ ટકા ઓઈલ સપ્લાયને ખોરવી નાંખી હતી. હૂતીઓએ રાતા સમુદ્રના એ મહત્ત્વના શિપિંગ પોઈન્ટને કંટ્રોલ કરી લીધો છે, જ્યાંથી સાઉદી અરેબિયાની નિકાસ થાય છે. આ કારણે અહીંયા જોખમ દિવસ કરતા રાતનું વધી ગયું છે. હજુ પણ કેટલાક એવા વિકલ્પો છે, જે કામ કરી શકે છે પણ હોર્મુઝમાં ટેન્કરની આવ-જા જોખમી છે. આ વિઘ્ન આગળ જતા સપ્લાય ચેઈનમાં મોટી અડચણ ઊભી કરી શકે છે. ઈન્ટરનેશનલ માર્કેટમાં મંગળવારે સવારે બ્રેન્ટ ક્રૂડ ફ્યુચર્સ ૧.૨૪ ડોલરના વધારા સાથે ૧૦૬.૩૯ ડોલર/બેરલ પર ટ્રેન્ડ કરી રહ્યો હતો.

માર્કેટના નિષ્ણાંતો એવું કહે છે કે, હાલમાં દરેક દેશના વેપારીઓ નવા હુમલાને ક્રૂડ ઓઈલની સપ્લાય સાથે જોડી રહ્યા છે. આને એક જોખમ માની રહ્યા છે. આનાથી આવનારા દિવસોમાં ક્રૂડ ઓઈલની કિંમતમાં વધારો થઈ શકે છે અને જે ઉછાળા છે એ નવા ભાવ સાથે તફાવત મોટો થઈ શકે છે. ઈસ્ટ-વેસ્ટ પાઈપલાઈન સાઉદી અરેબિયામાં આશરે ૧૨૦૦ કિમી સુધી ફેલાયેલી છે, જે પર્શિયલ ગલ્ફમાં એક પ્રોસેસિંગ સુવિધા સાથે ક્રૂડને પશ્ચિમ તરફ સતત વહન કરી જાય છે. એ રાતા સમુદ્ર સુધી પહોંચે છે. જ્યાંથી ક્રૂડ ઓઈલને ટેન્કરમાં ભરવામાં આવે છે જે સુએજ નહેરના રસ્તેથી ઉત્તર યુરોપના દેશમાં પહોંચે છે.

હવે ચિંતા એ વાતની છે કે, ઉત્તર યુરોપના દેશમાં ક્રૂડ અને ક્રૂડને સંબંધિત કોમોડિટી મોંઘી થવાના પૂરા એંધાણ છે. આ પાઈપલાઈન વર્ષ ૧૯૮૦ના દાયકામાં એ ડર સાથે તૈયાર કરવામાં આવી હતી કે ઈરાન-ઈરાક વચ્ચે યુદ્ધ દરમિયાન તેહરાન હોર્મુઝથી થનારા શિપિંગ ઑપરેશનમાં બ્રેક લગાવી શકાય. પણ પાઈપલાઈન ક્રૂડના વહન માટે આટલો મોટો સ્રોત સાબિત થશે એની ક્યાં ખબર હતી.?

### રેલનગરમાં સાઈટ પાછળથી યુવકનો મૃતદેહ મળ્યોઃ ગળું દાબી હત્યા કરાયાનું ખુલ્યું

# બાંધકામ સાઈટ પર ઓરિસ્સાના યુવાનની હત્યા

### હત્યાનો ભોગ બનનાર યુવાને યુવતીની પજવણી કર્યાની વાતે હત્યા કરાયાની પ્રાથમિક વિગતઃ ફોરેન્સિક પીએમ બાદ ૩ શકમંદોની અટકાયત : પ્ર.નગર પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચ દ્વારા તપાસનો ધમધમાટ

રાજકોટ, તા.૧૫

શહેરના રેલનગર વિસ્તારમાં આવેલા પેટ્રોલ પંપની સામે બાંધકામ સાઈટ પાછળથી આશરે ૩૪ વર્ષીય યુવકનો મૃતદેહ મળી આવતાં ચકચાર મચી ગઈ હતી. પ્રાથમિક તબક્કે શંકાસ્પદ જણાતા આ બનાવમાં ફોરેન્સિક પોસ્ટમોર્ટમ બાદ હત્યા થઈ હોવાનું સ્પષ્ટ થતાં પ્ર.નગર પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચની સંયુક્ત કાર્યવાહી વચ્ચે પકડાયેલા ત્રણ શખ્શોએ હત્યાની કબુલાત કરી છે. બનાવને અકસ્માતમાં ખપાવવા માંગતા ત્રણેય પરપ્રાંતિયોને હવે રિમાન્ડ પર લેવા તેમજ આ ઘટનામાં અન્યનો હાથ છે કે કેમ ? તે તરફ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

બનાવની વિગત મુજબ, રેલનગરમાં બાંધકામ સાઈટ પાછળ એક યુવક બેભાન હાલતમાં પડ્યો હોવાની માહિતી મજુરના કોન્ટ્રાકટરે પ્રનગર પોલીસને જાણ કરી હતી. પ્ર.નગર પોલીસ સ્ટેશનનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે સ્થળ પર પહોંચી તપાસ કરતા મૃતક યુવક ઓરિસ્સાનો વતની અને ૩૪ વર્ષીય દુઃખીશ્યામ હોવાનું તથા તે આ વિસ્તારમાં મજૂરી કામ અર્થે એકબે દિવસ પહેલા જ આવ્યો હોવાનું સામે આવ્યું હતું.

મૃતદેહના પ્રાથમિક નિરીક્ષણ દરમિયાન શરીર પર કોઈ ગંભીર ઈજાના નિશાન જોવા મળ્યા ન હતા, પરંતુ જે સંજોગોમાં લાશ મળી હતી તે જોતાં બનાવ શંકાસ્પદ જણાતો હતો. પોલીસે મૃતદેહને સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડી ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવતાં દુઃખીશ્યામ હત્યા થઈ હોવાનું સામે આવ્યું હતું.

ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ ત્રણેયને પ્ર.નગર પીઆઇ એમ.ડી. મકવાણા, ડી. સ્ટાફ ટીમ તેમજ ક્રાઈમ બ્રાન્ચ પીઆઇ એમ.એલ. ડામોર સહિતનો સ્ટાફે રેલનગરમાંથી ત્રણ શકમંદોને દબોચી લઈને આકરી પૂછપરછ પૂછપરછ શરૂ કરતા ત્રણેયે વટાણા વેરી નાખ્યા હતા અને હત્યાની ચૌકાવનારી કબુલાત આપી હતી.



તે અંગેની વધુ વિગતો પોલીસને મળી હતી કે, સાઈટ પર મજુરી કરતા મધ્યપ્રદેશના પીન્જુ ભુરીયા તેમજ અજીત ભૂરીયાની બહેન તાનુંનો હાથ પકડી દુઃખીશ્યામે પજવણી કરી હતી. આ વાત જાણી ગયેલા પીન્જુ અને અજીતે મિત્ર રાજેશને સાથે રાખીને દુઃખીશ્યામને સાઈટ પર બોલાવ્યો હતો. દુઃખીશ્યામ પીવાની ટેવવાળો હોવાથી તે ડમર થઈને સાઈટ પર આવ્યો હતો. આવા સમયે પીન્જુ અને અજીતે રાજેશ નામના શખ્સને સાથે રાખીને દુઃખીને સાઈટ પાછળ લઇ ગયા હતા. જ્યાં પ્રારંભિક મુંઢ માર મારીને, દોરીથી ગળેટુંપો આપીને મારી નાખ્યો હતો. ત્યાર બાદ ત્રણેય મૃતકને સાઈટના બીજામાળે ઉપાડીને લઇ ગયા હતા અને ત્યાંથી નીચે ફેંકી દીધો હતો. આવી પકડાયેલા ત્રણેયે પોલીસ સમક્ષ કબુલાત આપી છે.

બનાવની પોલીસે વધુ વિગતો આપી હતી કે, આરોપી અજીત, પીન્જુ અને રાજેશ ત્રણેય મધ્યપ્રદેશના છે. મૃતક દુઃખીશ્યામ મૂળ ઓરિસ્સાનો છે. આરોપીઓ રેલ નગરની સાઈટ પર રહેતા હતા. મૃતક પરણિત છે અને વાલી વારસ ઓરિસ્સા છે. મૃતકના કુટુંબીજનો રાજકોટમાં રહે છે અને તેમની ફરિયાદ લેવાની પોલીસે તજવીજ હાથ ધરી છે. પોલીસ પાસેથી વધુ એવું પણ જાણવા મળ્યું હતું કે ત્રણેય આરોપી કડિયા કામ કરે છે અને મૃતક ટોપલા દેવાનું મજુરી કામ કરે છે. મૃતકને સંતાન નથી. પીન્જુ અને અજીત બંને સગાભાઈ છે. તાનું રાજેસની કાકાની દીકરી છે. અને પીન્જુ, અજીત કાકા બાપાના કૌટુંબિક ભાઈ થાય છે. ઉપરાંત મજૂરનો કોન્ટ્રાકટર પીન્જુ અને અજીતનો સગો બનેવી થાય છે. અને બનેવી જ ત્રણેયને મજુરી માટે રાજકોટ લાવ્યો હતો. જયારે મૃતકને તેમના રાજકોટ સાઈટ પર રહેતા ભાણેજે મજુરી માટે હજુ તો એક બે દિવસ પહેલા જ રાજકોટ બોલાવ્યો હતો પણ દુઃખીશ્યામને જાણે મોત બોલાવતું હોય તેવું સાબિત થયું છે. પોલીસને એવી પણ વિગતો મળી હતી કે, મૃતકનો ભાણેજ અગાઉ પીન્જુ અને અજીત સાથે કામ કરી ચૂક્યો છે અને અહી મજુરી મળી રહેશે તેવા આશયથી જ દુઃખીશ્યામને રાજકોટ બોલાવ્યો હતો. હાલ પોલીસે પીન્જુ, અજીત અને રાજેશની ધરપકડ કરીમ ત્રણેય સામે દુઃખીશ્યામની હત્યાનો ગુનો નોંધી રિમાન્ડ પર લેવા તજવીજ હાથ ધરી છે.

# ખેતી બેંકના રાજા

## ગણેશોત્સવની આસ્થાભેર ઉજવણી

### બીજા દિવસે કર્ણાવતી શહેર ભાજપ પ્રમુખ પ્રેરકભાઈ શાહ અને અન્ય મહાનુભાવોની ગૌરવપૂર્ણ ઉપસ્થિતિ







રાજકોટ, તા.૧૫

ખેતી બેંક દ્વારા આયોજિત ખેતી બેંકના રાજા - ગણેશોત્સવ ૨૦૨૬ના બીજા દિવસે કર્ણાવતી શહેર ભાજપ પ્રમુખ પ્રેરકભાઈ શાહ અને અન્ય મહાનુભાવોએ ગૌરવપૂર્ણ ઉપસ્થિતિ આપી હતી. આ પ્રસંગે ભાજપ મહામંત્રી ગૌતમભાઈ કથીરિયા, ભાજપ મહામંત્રી ઉમંગ નાયક તથા ઓબીસી મોરચાના મહામંત્રી શંભુભાઈ દેસાઈ પણ ઉપસ્થિત રહ્યા હતા. ખેતી બેંકના ચેરમેન ડોલર કોટેચાએ પધારેલા તમામ મહાનુભાવોનું ભાવભર્યું સ્વાગત અને અભિવાદન કર્યું હતું.

મહાનુભાવોએ ગણેશજીના દર્શન કરી શ્રદ્ધાપૂર્વક આરતી ઉતારી તથા કર્ણાવતી મહાનગર વિકાસના નિતનવા શિખરો સર કરે, નગરજનોના જીવનમાં સુખ, સમૃદ્ધિ, શાંતિ અને કલ્યાણનો વાસ રહે તેમજ સમગ્ર મહાનગર સતત પ્રગતિના પંથે આગળ વધે તે માટે ગણેશજીના ચરણોમાં હૃદયપૂર્વક મંગલ કામનાઓ અર્પણ કરી હતી.ગણેશોત્સવની વિશેષ થીમ ભારતના યશસ્વી વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઈ મોદીજીની ૨૫ વર્ષની અવિરત જનસેવા યાત્રા તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી માનનીય અમિતભાઈ શાહના નેતૃત્વમાં સહકાર મંત્રાલયની પાંચ વર્ષની યશસ્વી કામગીરીને સમર્પિત છે. આ વિશેષ પ્રસ્તુતિ દ્વારા જનસેવા, રાષ્ટ્રસેવા અને સહકારથી સમૃદ્ધિના સંકલ્પને ઉજાગર કરવામાં આવ્યો છે. મહાનુભાવોએ વિકસિત ભારત ૨૦૪૭ સંકલ્પ ચછ કોડ સ્કેન કરી પોતાનો સંકલ્પ નોંધાવ્યો અને વિકસિત ભારતના નિર્માણમાં જન ભાગીદારીનો પ્રેરક સંદેશ આપ્યો હતો.આ અવસરે ચેરમેન ડોલર કોટેચાએ જણાવ્યું હતું કે, આ ગણેશોત્સવ શ્રદ્ધા અને ભક્તિની સાથે રાષ્ટ્રસેવા, સહકાર અને વિકસિત ભારતના સંકલ્પને જનભાગીદારી સાથે જોડવાનો એક વિનમ્ર પ્રયાસ છે. ગણેશજીના આશીર્વાદથી કર્ણાવતી મહાનગર અને સમગ્ર દેશ વિકાસ, સમૃદ્ધિ અને સુખાકારીના પંથે સતત આગળ વધે એ જ અમારી પ્રાર્થના છે.

# વેપારીને સાયબર ફ્રોડના ૯૮ હજાર પરત મળ્યા

### એડ. એજન્સીએ ભક્તિનગર પોલીસ સ્ટેશનની સાયબર ટીમની કરી સરાહના

રાજકોટ, તા.૧૫

ડિજિટલ યુગમાં સાયબર ફ્રોડના કિસ્સાઓ વધી રહ્યા છે, ત્યારે રાજકોટ પોલીસની સતર્કતા અને ત્વરિત એકશનને કારણે એક વેપારીના ગુમાવેલા પૈસા ગણતરીના કલાકોમાં પરત મળ્યાનો કિસ્સો સામે આવ્યો છે. રાજકોટ ભક્તિનગર પોલીસ સ્ટેશનની સાયબર ટીમે સરાહનીય કામગીરી કરતા, ઓનલાઈન ફ્રોડનો ભોગ બનેલી એક એડવર્ટાઈઝિંગ એજન્સીના રૂ. ૯૮,૦૦૦ માત્ર ૪૮ કલાકની અંદર જ રિફંડ કરાવી આપ્યા છે. રાજકોટના બ્રાન્ડિંગ અને ક્રિએટિવિટી ક્ષેત્રે મોટું નામ ધરાવતી ક્રિએટ ઈન્ડિયા એડવર્ટાઈઝિંગ, જે ૨૦૧૫ થી ન્યૂઝપેપર એડ., ટીવી, રેડિયો, સિનેમા તેમજ સોશિયલ મીડિયા બ્રાન્ડિંગ ક્ષેત્રે અગ્રેસર ભૂમિકા ભજવી એક આગવી ઓળખ ધરાવે છે, તેના સ્થાપકો



સાથે તાજેતરમાં એક આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ પર સાયબર ફ્રોડની ઘટના બની હતી.

આ ગંભીર પરિસ્થિતિમાં ક્રિએટ ઈન્ડિયાની ટીમના નિર્ભયભાઈ જોશી, પ્રશાંતભાઈ જોશી, મૌલિકભાઈ જોશી, નરેન્દ્રભાઈ દવે, વનરાજભાઈ ચાવડા અને ચિંતનભાઈ અગ્રાવતે તાત્કાલિક સાયબર ક્રાઈમ અને પોલીસ વિભાગનો સંપર્ક કર્યો હતો. આ ફરિયાદ મળતા જ ભક્તિનગર પોલીસ સ્ટેશનના પીઆઈ જયદીપસિંહ પરમાર, જેઓ સાયબર ઈન્ચાર્જ પણ છે, તેમની સીધી દેખરેખ હેઠળ એ.એસ.આઈ. હર્ષભાઈ કમલેશભાઈ માવદિયા, પી.સી. અંકિતભાઈ મુકેશભાઈ જેજરિયા, પી.સી. દેવાનંદભાઈ વેજાભાઈ રામ અને પી.સી. કુલદીપસિંહ મહેન્દ્રસિંહ ઝાલાની સાયબર ટીમે અત્યંત ત્વરિત કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસની આ ખાસ ટીમે ડીસીબી બેંક સાથે યોગ્ય સંકલન કરીને આંતરરાષ્ટ્રીય સ્તરે થયેલા ઓનલાઈન પેમેન્ટ ટ્રાન્ઝેક્શનને ટ્રેક કર્યું હતું અને રાત-દિવસ જોયા વગર માત્ર ૪૮ કલાકમાં જ વેપારીના ખાતામાં પૂરેપૂરી રકમ રિફંડ કરાવી આપી છે. ગુજરાત પોલીસની આ પ્રોફેશનલ અને ઝડપી કામગીરી તેમની સજ્જતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડે છે. પોલીસની આ સરાહનીય કામગીરી બદલ ક્રિએટ ઈન્ડિયા એડ.ની ટીમે ભક્તિનગર પોલીસ સ્ટેશનની રૂબરૂ શુભેચ્છા મુલાકાત લીધી હતી અને પીઆઈ જયદીપસિંહ પરમાર તથા તેમની પૂરી ટીમનો આભાર માની તેમનું સન્માન કર્યું હતું.

### રૈયાધારમાંથી ચોરાયેલા એક્ટિવા સાથે એક આરોપીની ધરપકડ કરતી પોલીસ

# ચોરાઉ એકટીવા સાથે ઝડપાયો

### ગાંધીગ્રામ-૨ (યુનિવર્સિટી) પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા વાહન ચોરીનો ગુનો ડિટેક્ટ

રાજકોટ, તા.૧૫

ગાંધીગ્રામ-૨ (યુનિવર્સિટી) પોલીસમાં નોંધાયેલા એકટીવા ચોરીનો ભેદ ઉકેલીને પોલીસે રૈયાધારના મિલન વિનોદ સિંધવને ઝડપી લઈને તેમને રિમાન્ડ પર લેવા તજવીજ હાથ ધરી છે.

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા અને અધિક પોલીસ કમિશ્નર ચૈતન્ય માંડલિકની સુચના અન્વયે નાયબ પોલીસ કમિશ્નર (ઝોન-૨) રાકેશ દેસાઇ અને ઇન્ચાર્જ મદદનીશ પોલીસ કમિશ્નર (પશ્ચિમ વિભાગ) બી.જે.ચૌધરીના સીધા સુપરવિઝન હેઠળ મિલ્કત સંબંધીત ગુન્હાઓ ડિટેકટ કરવા માર્ગદર્શન અપાયું હતું. જે અન્વયે પીઆઈ કે.કે. ગોહીલના માર્ગદર્શન મુજબ ડી-સ્ટાફ પીએસઆઈ એસ.એન.શ્યોરા અને સર્વેલન્સ સ્કોડના કર્મચારીઓ પેટ્રોલીંગમાં હતા.



દરમ્યાન સંયુકતરાહે બાતમી મળી હતી કે, ચાર દિવસ પહેલા રૈયાધાર બાર માળીયા કવાટરના પાર્કિંગમાથી એકટીવા ચોરી કરનાર, આર્ષવિધ્યા મંદીર પાસે આવેલા ટીટોડીયા વિસ્તારમા જવાના પુલ પાસેથી પસાર થવાનો છે. બાતમીના આધારે પોલીસે પોલીસે રૈયાધાર ઇન્દીરાનગર શેરી નં.૩૨ ખાતે રહેતા ૨૩ વર્ષીય આરોપી મીલન વિનોદ સીંધવને દબોચી લીધો છે.

મિલને ચોરીની કબુલાત આપતા પોલીસે ચેચીસ નં.ME4JK371JSW044803 અને એન્જિન નંબર JK37EW 1044839)નું એકટીવા કબજે કરી, ગાંધીગ્રામ-૨ (યુનિવર્સિટી) પોલીસનો ચોરીનો ગુનો ઉકેલી, મિલનને રિમાન્ડ પર લેવા તજવીજ હાથ ધરી છે.

# થોરાળામાં એક્ટિવામાંથી સીતેર હજારની ચોરી

### ગાડીની ડીકીમાંથી રોકડની ઉઠાંતરીઃ એક સામે ગુનો

રાજકોટ, તા.૧૫

રાજકોટ શહેરના થોરાલા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, ચુનારાવાડ શેરી નંબર ૫ માં ચન્દ્રિકા પાન પાસે એક એક્ટિવાની ડીકીમાંથી રૂપિયા ૭૦,૦૦૦ ની રોકડ રકમની ચોરી થઈ છે. ભગવતીપરામાં રહેતા અને અપના બજાર ગેસ એજન્સીમાં કામ કરતા ૩૩ વર્ષીય સુરેશ વજુ ડાંગરે આ અંગે ફરિયાદ નોંધાવી છે. ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ સવારે પોણા બાર વાગ્યાની આસપાસ સુરેશ ગેસના બાટલાનું પેમેન્ટ લેવા માટે પોતાનું એક્ટિવા (GJ-03 PB-1965) પાર્ક કરીને મિત્ર પાસે ગયો હતો. દસેક મિનિટ પછી પરત ફરતી વખતે તેણે જોયું કે ચુનારાવાડમાં જ રહેતો સંતોષ ઉર્ફે હાટકી ચીના જાડેજા એક્ટિવાની ડીકીમાંથી કંઈક કાઢીને ભાગી રહ્યો હતો. તપાસ કરતા ડીકીમાં રાખેલા ૭૦ હજાર રૂપિયા




ગાયબ હતા, જે અંગે ત્યાં હાજર અલ્પા દેવીપુજકે પણ આ બનાવ નજરે જોયો હતો. આ મામલે થોરાલા પોલીસે સંતોષ સામે બી.એન.એસ. કલમ ૩૦૫(સી) મુજબ ગુનો નોંધી એએસઆઈ દેવશી કાના ખાંભલાએ વધુ તપાસ હાથ ધરી છે.

### માનસિક તણાવ અને આર્થિક મૂંઝવણને કારણે કોટડા પોલીસ સ્ટેશનમાં ભર્યું પગલું

# પોલીસ મથકમાં યુવાને ખાધો ગળેફાંસો

રાજકોટ, તા.૧૫

ઉત્તર પ્રદેશના ૩૮ વર્ષીય યુવકે અમદાવાદના શહેરકોટડા પોલીસ સ્ટેશનમાં આવેલા ઈલેક્ટ્રિક રૂમમાં ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ છે. મૃતક યુવક જામનગરથી પોતાના વતન જવા નીકળ્યો હતો, પરંતુ આર્થિક મૂંઝવણ અને માનસિક તણાવ વચ્ચે તેણે આ પગલું ભર્યું હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. નોંધનીય છેકે, સુરક્ષામાં આટલી મોટી ચૂક કેવી રીતે? પોલીસ પર ગંભીર સવાલો થઈ રહ્યા છે. બીજી તરફ પીઆઈએ જણાવ્યું કે, ઈન્ચાર્જ સ્ટેશન ડાયરી નોંધવા ગયા હતા. આ દરમિયાન યુવક ઈલેક્ટ્રિક રૂમમાં ગયો હતો અને ફાંસો ખાઈ આપઘાત કરી લીધો.

મળતી માહિતી અનુસાર, મૃતક



યુવકની ઓળખ રાજુ રામનક્ષત્રા જાટવ (ઉ.૩૮, મૂળ ઉત્તર પ્રદેશ) તરીકે થઈ છે. તે જામનગરમાં રોજીરોટી અર્થે રહેતા હતા અને ત્યાંથી વતન ઉત્તર પ્રદેશ જવા માટે ટ્રેનમાં નીકળ્યા હતા. મુસાફરી દરમિયાન તેઓ અમદાવાદના અસારવા રેલવે સ્ટેશન પર ઉતરી ગયા હતા. આગળની મુસાફરી માટે નાણાં ન હોવાથી અને પગાર અંગેની મૂંઝવણ હોવાથી તેમણે કંટ્રોલ રૂમમાં ફોન કરીને મદદ માંગી હતી. જેને પગલે શહેર કોટડા પોલીસની ટીમ તેને સલામત રીતે પોલીસ સ્ટેશને લઈ આવી હતી.

પોલીસે યુવકના પરિવારજનો અને સગા-સંબંધીઓનો સંપર્ક કરતા તેમણે સવારે નાણાં મોકલવાની ખાતરી આપી હતી. તે સમયે મોડી રાત્રે ભારે વરસાદ પડી રહ્યો હોવાથી પોલીસે યુવકને સવાર સુધી પોલીસ સ્ટેશનમાં જ રોકાઈને આરામ કરવા જણાવ્યું હતું. જોકે, મોડી રાત્રે કોઈની નજર ન પડે તેમ યુવક નીચે આવેલા ઈલેક્ટ્રિક રૂમમાં ગયો હતો અને ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બનાવની જાણ થતાં જ ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને પોલીસ દ્વારા સમગ્ર મામલે આગળની તપાસ હાથ ધરી છે.

આ મામલે શહેર કોટડાપોલીસ સ્ટેશનના પીઆઈએ જણાવ્યું કે, રાજુ જાટવને પોલીસ સ્ટેશન લાવીને ગ્રાઉન્ડ ફ્લોર પર બેસાડવામાં આવ્યો હતો. એ પછી તેની પૂછપરછ કરવામાં આવી હતી અને પરિવાર સાથે પણ ફોન પર વાત કરાવવામાં આવી હતી. જે બાદ ઈન્ચાર્જ ઉપરના ફ્લોર પર સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા માટે ગયા હતા. ત્યારે યુવક ત્યાં નીચે બેઠો હતો. યુવક ચાલીને ઈલેક્ટ્રીક રૂમમાં ગયો હતો અને અંદરથી દરવાજો બંધ કરી દીધો હતો. વહેલી સવાર સુધી તેણે દરવાજો ન ખોલતા દરવાજો તોડાવીને અંદર જતા તેણે આપઘાત કરેલો જોવા મળ્યો હતો. યુવક ચાલીને ઈલેક્ટ્રીક રૂમમાં જતો હોય તેવું સીસીટીવી ફૂટેજ ચેક કરતા જોવા મળ્યું હતું. યુવકે આપઘાત કર્યો તે અંગે તેના પરિવારને પણ જાણ કરવામાં આવી છે.

# લક્ષ્મણરાવ ઈનામદાર (વકીલ સાહેબ)ના જન્મદિને આજે શબ્દાંજલિ કાર્યક્રમ

### 'વિના સંસ્કાર નહીં સહકાર'ના પ્રણેતા અને ઋષિતુલ્ય પ્રચારકની પુણ્ય સ્મૃતિમાં ભવ્ય આયોજન

રાજકોટ, તા.૧૫

સહકાર ક્ષેત્રના અગ્રણી સંગઠન 'સહકાર ભારતી'ના સ્થાપક, આજીવન સંઘના પ્રચારક અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શક લક્ષ્મણરાવ ઈનામદાર (વકીલ સાહેબ)ના ઋષિપંચમી નિમિત્તે આવતા જન્મદિને રાજકોટમાં વિશેષ શબ્દાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ આગામી તારીખ ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૬, બુધવાર (ઋષિપંચમી)ના રોજ સાંજે ૪:૩૦ કલાકે માધવ શરાફી મંડળી, સ્વામિનારાયણ મંદિર સામે, અક્ષર માર્ગ, કાલાવડ રોડ, રાજકોટ ખાતે રાખવામાં આવ્યો છે.




''સહકારિતાઃ વકીલ સાહેબની દ્રષ્ટિએ'' વિષય પર બૌદ્ધિક વક્તા તરીકે જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પ્રવીણભાઈ ધોળકિયા માર્ગદર્શન આપશે, જ્યારે અતિથિ વિશેષ તરીકે ન્યુરો સ્પાઈન સર્જન એસોસિએશન ઓફ ઈન્ડિયા કોર કમિટીના ચેરમેન ડો. પ્રકાશભાઈ મોઢા ઉપસ્થિત રહેશે. સહકાર ક્ષેત્રને માત્ર આર્થિક જ નહીં, પરંતુ સાંસ્કૃતિક આધાર આપતા વકીલ સાહેબે ''વિના સંસ્કાર નહીં સહકાર'' અને ''સહકાર દ્વારા સમૃદ્ધિ'' નો મંત્ર આપ્યો હતો.

જુલાઈ ૨૦૨૧માં ભારત સરકારે રચેલા અલગ 'સહકાર મંત્રાલય' પાછળ પણ તેમના સંસ્કારો અને વિચારો જ મુખ્ય પ્રેરણાસ્રોત છે. તેઓ માનતા કે પ્રત્યેક વ્યક્તિના અંતઃકરણમાં ભગવાન વસેલો છે અને દરેક વ્યક્તિ સંસ્કારક્ષમ છે, સારા સંસ્કાર કદી એળે જતા નથી. વર્ષ ૨૦૨૫ 'સહકારી વર્ષ' તરીકે ઉજવાઈ રહ્યું છે અને વિશ્વનું શ્રેષ્ઠ સંગઠન રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પોતાના ૧૦૦મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યું છે, ત્યારે આ ઐતિહાસિક સમયમાં સહકાર ભારતી - રાજકોટ મહાનગર દ્વારા 'પંચ પ્રાણ' (પર્યાવરણ, કુટુંબ પ્રબોધન, સ્વદેશી, સામાજિક સમરસતા અને નાગરિક કર્તવ્ય) ના નિર્માણ હેતુ અનેક જાગૃતિ કાર્યક્રમો, મંડળીઓના આજીવન સભ્યપદ અને સભ્ય નોંધણી ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે.

# સુરત દુર્ઘટના બાદ સરકારનું કડક વલણ

## સમગ્ર ગુજરાતની હોસ્ટેલ-કેન્ટીનો પર ત્રાટકી ફૂડ વિભાજીય ટીમ : બેદરકારી દાખવનાર સામે થશે કડક કાર્યવાહી

રાજકોટ, તા. ૧૫

સુરતના અબ્રામા વિસ્તારમાં સ્થિત પી. પી. સવાણી શાળાની હોસ્ટેલમાં ગત ૧૩ સપ્ટેમ્બરના રોજ ૧૦૦થી વધુ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને થયેલી ગંભીર ફૂડ પોઈઝનિંગની દુર્ઘટનાને રાજ્ય સરકારે અત્યંત ગંભીરતાથી લીધી છે. માસુમ વિદ્યાર્થીઓના આરોગ્ય સાથે થયેલા આ ખીલવાડ બાદ આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ કડક વલણ અપનાવી સમગ્ર રાજ્યમાં તમામ શૈક્ષણિક તથા ખાનગી સંસ્થાઓની હોસ્ટેલ અને કેન્ટીનોમાં ખોરાકની ગુણવત્તા તથા સ્વચ્છતાની સઘન ચકાસણી કરવા માટે એક ખાસ સ્પેશ્યલ ડ્રાઈવ યોજવાનો આદેશ આપ્યો હતો.

આદેશ મળતા જ એક્શન મોડમાં આવેલી ખોરાક અને ઔષધ નિયમન તંત્રની અલગ-અલગ ટીમો દ્વારા સમગ્ર રાજ્યમાં વ્યાપક તપાસ હાથ ધરવામાં આવી છે. તાજી માહિતી મુજબ, ૧૪ સપ્ટેમ્બરની સાંજ સુધીમાં તંત્ર દ્વારા કુલ ૨૦૦ જેટલી હોસ્ટેલ અને કેન્ટીનો પર દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં ૧૩૨ પ્રાઈવેટ, ૪૭ સરકારી અને ૨૧ અર્ધ-સરકારી સંસ્થાઓનો સમાવેશ થાય છે. આ તપાસ દરમિયાન રાજ્યભરમાંથી ખાદ્ય પદાર્થોની ગુણવત્તા ચકાસવા માટે ૧૧૪ જેટલા શંકાસ્પદ નમૂનાઓ લેવામાં આવ્યા છે, જેને લેબોરેટરી પરીક્ષણ અર્થે મોકલી આપવામાં આવ્યા છે.

તપાસ ડ્રાઈવ દરમિયાન ખુલ્લેઆમ નિયમોના ધજાગરા ઉડાવતી અને ગંભીર કક્ષાની અસ્વચ્છતા તેમજ અનહાઈજેનિક પરિસ્થિતિ ધરાવતી ૧૦ હોસ્ટેલ/કેન્ટીનોને કામગીરી સ્થગિત કરી સ્વયંભૂ બંધ કરવાની ફરજ પડી છે. આ ઉપરાંત, ખોરાકના નિયમોનું પાલન ન કરનારી ૬૧ સંસ્થાઓને આકરી 'ઈમ્પ્રુવમેન્ટ નોટીસ' ફટકારવામાં આવી છે, જ્યારે નિયમોનું ગંભીર ઉલ્લંઘન કરનાર ૧ કેન્ટીનનું લાયસન્સ તાત્કાલિક ધોરણે સસ્પેન્ડ કરી દેવાયું છે.

રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા સ્પષ્ટ જણાવાયું છે કે જાહેર જનતા અને ખાસ કરીને વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય અને સુરક્ષા સાથે કોઈ પણ પ્રકારનું સમાધાન કરવામાં આવશે નહીં. નાગરિકોના આરોગ્ય સાથે ચેડાં કરનારા, અસ્વચ્છ વાતાવરણમાં ખોરાક બનાવનારા કે કાયદા વિરુદ્ધની પ્રવૃત્તિઓમાં સંકળાયેલા અસામાજિક તત્વો સામે આગામી દિવસોમાં પણ આ જ પ્રકારે બિન-સહાનુભૂતિપૂર્વક કડક કાયદેસરની કાર્યવાહી અવિરતપણે ચાલુ રાખવામાં આવશે.




### દરોડા દરમિયાન તંત્ર દ્વારા કરાયેલી આકરી કાર્યવાહી

- **ગંભીર અસ્વચ્છતાના પગલે બંધઃ** ઔદ્યોગિક અને શૈક્ષણિક કેમ્પોસમાં ચાલતી ૧૦ કેન્ટીનોમાં અત્યંત ગંદકી જોવા મળતાં તેને સ્વયંભૂ બંધ કરવાની ફરજ પાડવામાં આવી છે.
- **લાયસન્સ રદઃ** નિયમોનું અનાદર કરનાર ૧ કેન્ટીનનું લાયસન્સ તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવાયું છે.
- **નોટિસ ફટકારીઃ** ખામીઓ ધરાવતી ૬૧ હોસ્ટેલ-કેન્ટીનોને સ્થિતિ સુધારવા આકરી 'ઈમ્પ્રુવમેન્ટ નોટીસ' આપવામાં આવી છે.
- **લેબોરેટરી સેમ્પલિંગઃ** શંકાસ્પદ ખાદ્યપદાર્થોના ૧૧૪ જેટલા નમૂનાઓ લઈને વધુ તપાસ અર્થે સ્ટેટ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.

# રાજકોટ ભાજપના ગણેશોત્સવમાં મોળો પ્રતિસાદ

## હાજરી પુરાવી નેતાઓ છૂ : ૬૭માંથી માત્ર ૨૫ જ હાજરઃ કોર્પોરેટરોની ગેરહાજરી ઉડીને આંખે વળગી



રાજકોટ, તા. ૧૫

રાજકોટમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ શહેર ભાજપ દ્વારા રેસકોર્સ મેદાન ખાતે ગણપતિ મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. સવારે મેયર બંગલેથી રેસકોર્સ સુધી બાપાની પ્રતિમાની શોભાયાત્રા કાઢી વિધિવત સ્થાપના કરવામાં આવી હતી. જોકે, આ ધાર્મિક મહોત્સવના પ્રારંભે જ ભાજપના આંતરિક સમીકરણો અને નબળું સંકલન ચર્ચાનો વિષય બન્યા છે.મહાનગરપાલિકામાં ભાજપના કુલ ૬૭ ચૂંટાયેલા નગરસેવકો છે, પરંતુ ગણેશ સ્થાપનાના મુખ્ય કાર્યક્રમમાં માત્ર ૨૫ થી ૨૭ કોર્પોરેટરો જ હાજર રહ્યા હતા. શાસક પક્ષના પદાધિકારીઓ અને સંગઠનના હોદ્દેદારો દ્વારા તમામ પ્રતિનિધિઓને નિમંત્રણ પાઠવવામાં આવ્યા હોવા છતાં, અડધાથી વધુ કોર્પોરેટરોની ગેરહાજરીથી કાર્યક્રમનો ઉત્સાહ ફિક્કો જણાતો હતો. ગત વર્ષોની સરખામણીએ કાર્યકરો અને સામાન્ય જનતાની હાજરી પણ ઓછી જોવા મળી હતી.

કોર્પોરેટરોની ઓછી હાજરી પાછળ એવું કારણ રજૂ કરવામાં આવી રહ્યું છે કે મોટાભાગના નગરસેવકોએ પોતાના વોર્ડ, સોસાયટી કે ઘરે ગણેશ સ્થાપના કરી હોવાથી તેઓ સ્થાનિક સ્તરે વ્યસ્ત હતા. જોકે, રાજકીય વર્તુળોમાં ચર્ચાતી વિગતો મુજબ મહાપાલિકાની સત્તા અને પાર્ટી સંગઠન વચ્ચે છેલ્લા કેટલાક સમયથી અંતર વધ્યું છે. સત્તા અને સંગઠનને અલગ પાડવાની નવી નીતિ બાદ સંકલનનો અભાવ સ્પષ્ટપણે વર્તાઈ રહ્યો છે, જેની અસર આ કાર્યક્રમ પર પણ જોવા મળી છે. કાર્યક્રમ સ્થળે પહોંચેલા અનેક નેતાઓ અને અગ્રણીઓ માત્ર 'હાજરી પુરાવવા' અને કેમેરા સામે 'ફોટો સેશન' કરાવવા પૂરતા જ રોકાયા હતા અને ત્યારબાદ તુરંત રવાના થઈ ગયા હતા. જોકે, ઉત્સવની જુદી જુદી સમિતિઓમાં સામેલ નગરસેવકો અને હોદ્દેદારોને આગામી ૧૦ દિવસ સુધી નિયમિત હાજરી આપવા આદેશો છોડવામાં આવ્યા છે. આગામી દિવસોમાં રાજ્ય કક્ષાના નેતાઓ અને મંત્રીઓ પણ દર્શનાર્થે આવવાના હોવાથી સંગઠન હવે શિસ્ત જાળવવા મથામણ કરી રહ્યું છે.

### વોર્ડ નં. ૪, ૫ અને ૬ની ૨૦થી વધુ સોસાયટીઓમાં પાણી વિતરણ ઠપ્પ

# સામાકાંઠા વિસ્તારમાં પાઈપ લાઈનોમાં ભંગાણથી જળસંકટ

રાજકોટ, તા. ૧૫

રાજકોટના સામાકાંઠા વિસ્તારમાં છેલ્લા ત્રણ દિવસથી પીવાના પાણીની મુખ્ય પાઈપલાઈનોમાં એક પછી એક લીકેજ અને ભંગાણ સર્જાતાં તંત્રની પોલ ખુલ્લી પડી ગઈ છે. ગ્રીનલેન્ડ ચોકડી નજીક અને સંત કબીર રોડ પર લાઈન લીક થવાના કારણે વોર્ડ નં. ૪, ૫ અને ૬ની બે ડઝનથી વધુ સોસાયટીઓમાં પાણી વિતરણ સંપૂર્ણપણે ખોરવાઈ ગયું હતું, જેના કારણે સરકારી રજાના દિવસે જ લોકોએ પાણી વગર હેરાન થવાનો વારો આવ્યો હતો.

બનાવની વિગત મુજબ, ગ્રીનલેન્ડ ચોકડી નજીક ભાદર અને આજી ડેમ તરફથી આવતી ૬૦૦ એમ.એમ.ની વર્ષો જૂની મુખ્ય પાઈપલાઈનમાં શુક્રવારે અચાનક મોટું ગાબડું પડ્યું હતું. આ લાઈન વારંવાર તૂટતી હોવા છતાં તંત્ર દ્વારા કોઈ કાયમી ઉકેલ લાવવામાં આવ્યો નથી. ભંગાણની જાણ થતાં જ અધિકારીઓ સ્થળ પર દોડી ગયા હતા અને સમારકામ હાથ ધર્યું હતું. પરંતુ, કામગીરી બે દિવસ સુધી ચાલતાં શનિવાર અને રવિવાર એમ સળંગ બે દિવસ સુધી વોર્ડ નં. ૪ અને ૫માં પાણી વિતરણ સંપૂર્ણપણે બંધ રહ્યું હતું.

હજુ તો આ સમસ્યા માંડ ઉકેલાઈ હતી ત્યાં જ ઈસ્ટ ઝોનના



વોર્ડ નં. ૬માં સંત કબીર રોડ પર બની રહેલા મહારાણા પ્રતાપ કોમ્યુનિટી હોલ પાસે ૨૦૦ એમ.એમ.ની મુખ્ય લાઈન લીક થઈ ગઈ હતી. આ લીકેજના કારણે ભોજલરામ સોસાયટી, રણછોડનગર, કનકનગર, સંજયનગર સહિત એકાદ ડઝન સોસાયટીઓમાં આજે સવારે મળતું પાણી અટકી ગયું હતું.

આ અંગે સ્થાનિક રહીશોએ કોર્પોરેટરોને રજૂઆત કરતાં લાઈન લીકેજના કારણે સવારના બદલે સાંજે કલાકો મોડું વિતરણ થશે તેવી માહિતી આપવામાં આવી હતી. ૨૦૦ એમ.એમ.ની આ લાઈન ક્યા કારણોસર લીક થઈ અને ક્યારે રિપેર થશે તેની ત્વરિત માહિતી ન મળતાં કોર્પોરેટરો પણ વિગતો મેળવવા મથતા નજરે પડ્યા હતા. એક તરફ સરકારી રજાનો દિવસ અને બીજી તરફ સવારથી જ પાણી ન મળતાં સ્થાનિકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો અને લોકોમાં દેકારો બોલી ગયો હતો. વારંવાર તૂટતી જર્જરિત લાઈનો અંગે તંત્ર કોઈ કાયમી નિરાકરણ લાવે તેવી સ્થાનિકો ઉગ્ર માંગ કરી રહ્યા છે.

### જિલ્લામાં 'સેવા સંકલ્પ અભિયાન'નો ધમધમાટ

# જનકલ્યાણનો નવો સૂર્યોદય

રાજકોટ, તા.૧૫

રાજકોટ સહિત સમગ્ર ગુજરાતમાં ૧૭ સપ્ટેમ્બરથી ૧૭ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન એક માસ માટે 'સેવા સંકલ્પ અભિયાન'નું વ્યાપક આયોજન કરવામાં આવ્યું છે. જનસેવા અને લોકભાગીદારીના ઉદાત્ત ભાવ સાથે યોજાનારા આ અભિયાનનો મુખ્ય હેતુ છેવાડાના માનવી સુધી સરકારી યોજનાઓના લાભો પહોંચાડવાનો અને 'વિકસિત ભારત'ના સ્વપનને સાકાર કરવાનો છે. આ એક મહિના દરમિયાન સમગ્ર જિલ્લામાં વિવિધ વયજૂથના લોકો ઉત્સાહભેર જોડાઈ શકે તે માટે અનેક નવતર અને રચનાત્મક કાર્યક્રમો યોજાશે, જેમાં 'સેવા જ્યોતિ યાત્રા', 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' અને 'વડનગરથી વારાણસી જળ-જન-સેવા સંકલ્પ યાત્રા' દ્વારા



ઘર-ઘર સુધી જાગૃતિનો સંદેશો પહોંચાડાશે.

આ ઉપરાંત '૨૫ કરોડ બાળકોના સપનાનું ભારત', 'રાષ્ટ્રીય ઈનોવેશન ચેલેન્જ' અને 'આશીર્વાદનો દીવડો' જેવા વિષયો દ્વારા નવી પેઢીના વિચારોને એક નવું પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવશે, જ્યારે 'આંગણાનો ઉત્સવ', 'વાર્તા પરિવર્તનની', 'નમો સેવા ગાથા', 'રંગોળી રાષ્ટ્ર' અને 'સેવા મારું યોગદાન' જેવા આયોજનો થકી નાગરિકો પોતાની કલા, સંસ્કૃતિ અને અનુભવો રજૂ કરી શકશે. સાથે જ 'સેવા સેતુ' અને 'જનસેવક મહાકુંભ' જેવા માધ્યમો દ્વારા લોકોને સરકારી સેવાઓનો સીધો અને સરળ લાભ મળશે. આ અભિયાન માત્ર એક સરકારી આયોજન બની ન રહેતાં એક સશક્ત જનઆંદોલન બને તેવો નમ્ર પ્રયાસ છે, તેથી દરેક નાગરિક પોતાના કૌશલ્ય, સમય અને સમર્પણ ભાવ સાથે આ મહાયજ્ઞમાં જોડાઈને દેશના સમર્થ વિકાસમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપે તે અતિ આવશ્યક છે.

### સૌરાષ્ટ્રનું આર્થિક અને રાજકીય કેન્દ્ર ગણાતું રાજકોટ શહેર

# ગાંધીનગરમાં રાજકોટનો અવાજ ગુમ

રાજકોટ, તા. ૧૫

પ્રદેશ ભાજપના અનુસૂચિત જાતિ (જઈ) મોરચાના પ્રદેશ અધ્યક્ષ દ્વારા નવી ટીમની જાહેરાત કરવામાં આવી છે. પ્રદેશ પ્રમુખ અને મોવડી મંડળ સાથેની મંથન બેઠક બાદ જાહેર કરાયેલી ૨૧ સભ્યોની આ યાદીમાં ઉપાધ્યક્ષ, મહામંત્રી, મંત્રી અને કોષાધ્યક્ષ જેવા મહત્વના હોદ્દાઓ વહેંચવામાં આવ્યા છે. સૌરાષ્ટ્રના મોરબી, જામનગર, જુનાગઢ, સુરેન્દ્રનગર અને બોટાદ જેવા વિસ્તારોને આ પ્રતિનિધિત્વમાં સ્થાન મળ્યું છે, પરંતુ આશ્ચર્યજનક રીતે સૌરાષ્ટ્રનું આર્થિક અને રાજકીય કેન્દ્ર ગણાતું રાજકોટ શહેર આખી યાદીમાંથી તદ્દન ગાયબ છે. રાજકોટની આ ઉપેક્ષા કોઈ નવી વાત નથી, પરંતુ એક ચોક્કસ પેટર્નનો ભાગ બની રહી હોય તેમ લાગે છે.

રાજ્ય સરકારના મંત્રીમંડળની પુનઃરચના સમયે રાજકોટના એકમાત્ર મંત્રીને પડતા મુકાયા હતા અને સામે અન્ય કોઈ ધારાસભ્યને કેબિનેટમાં સ્થાન ન મળ્યું. પ્રદેશ ભાજપની મુખ્ય ટીમમાં પણ રાજકોટના નેતાઓની ગેરહાજરી સ્પષ્ટપણે વર્તાઈ રહી છે. તાજેતરમાં જાહેર થયેલા જઈ મોરચાના ૨૧ હોદ્દેદારોમાંથી રાજકોટના એક પણ અગ્રણી પર પસંદગીનો કળશ ઢોળવામાં આવ્યો નથી.સ્થાનિક સ્તરે અને ખાસ કરીને અનુસૂચિત જાતિના આગેવાનોમાં આ નિર્ણયને પગલે ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. એક સમયે જે રાજકોટ પ્રદેશ ભાજપનું શક્તિપીઠ ગણાતું હતું, તે જ શહેરમાંથી આજે ગાંધીનગરમાં સીધી રજૂઆત કરી શકે કે સ્થાનિક પ્રશ્નોનો તાત્કાલિક નિકાલ લાવી શકે તેવા મજબૂત નેતૃત્વનો અભાવ જોવા મળી રહ્યો છે. હાઈકમાન્ડ રાજકોટ ભાજપ અને તેના સ્થાનિક નેતાઓ વિશે શું વિચાર ધરાવે છે, તે પ્રશ્ન અત્યારે સામાન્ય કાર્યકરોથી લઈને રાજકીય વિશ્લેષકો વચ્ચે ચર્ચાનો કેન્દ્રબિંદુ બન્યો છે.

**રાજકીય વજન ઘટ્યું મંત્રીમંડળ બાદ મોરચાઓમાં પણ નો-એન્ટ્રી**



# સિગ્નલ બિચારું

## રાજકોટમાં વધુ ટ્રાફિક સિગ્નલો મૂકાશે, જે સમસ્યા વધારશે



રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના કિસાનપરા ચોક, કોર્પોરેશન ચોક અને નાણાવટી ચોક સહિત કુલ સાત મહત્વના સ્થળોએ નવા ટ્રાફિક સિગ્નલ મૂકવાનું આયોજન કરવામાં આવ્યું છે. તંત્રના ચોપડે આ નિર્ણય ટ્રાફિક નિયંત્રણ માટે લેવાયો હોઈ શકે છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે રાજકોટની જટિલ ટ્રાફિક સમસ્યાનો ઉકેલ માત્ર નવા સિગ્નલો નાખવાથી ક્યારેય આવી શકે તેમ નથી. ઊલટાનું, યોગ્ય વિશ્લેષણ અને વ્યવસ્થાપન વગર મૂકાનારા આ સિગ્નલો વાહનચાલકોની મુશ્કેલીઓમાં વધારો કરશે.

શહેરમાં ટ્રાફિક સિગ્નલોની દશા ખરેખર બિચારી અને દયાજનક બની ગઈ છે. રસ્તા પર રેડ સિગ્નલ ચાલુ હોય તો પણ ઘણા બેફામ વાહનચાલકો તેને સરેઆમ તોડીને નીકળી જાય છે. સિગ્નલ નિયમોનું પાલન કરાવવામાં કે શિસ્ત જાળવવામાં સાવ નિષ્ફળ પૂરવાર થઈ રહ્યા છે. કાયદાનો કોઈ ભય ન હોવાથી લોકો સિગ્નલની પર્વા કર્યા વગર વાહનો હંકારી મૂકે છે. બીજી તરફ, બે-બે મિનિટ સુધીના લાંબા રેડ સિગ્નલોને કારણે વાહનચાલકો માટે ચોક પર રાહ જોવી ત્રાસદાયી બની જાય છે. તેનાથી બળતણનો વ્યય થાય છે અને લોકોનો સમય પણ બગડે છે.

શહેરમાં જ્યાં પહેલાથી જ ટ્રાફિક સિગ્નલો કાર્યરત છે, ત્યાં પણ તેનું વ્યવસ્થિત મેનેજમેન્ટ થતું નથી. પીક અવર્સ દરમિયાન કયા ચોક પર કેટલો ટ્રાફિક છે તેનો વૈજ્ઞાનિક સર્વે કર્યા વગર જ સિગ્નલોનો સમય નક્કી કરી દેવાય છે. આ અણઘડ વ્યવસ્થાના કારણે ચોક પર ટ્રાફિક હળવો થવાને બદલે વધારે જામ થાય છે. ટ્રાફિક પોલીસ અને મનપા વચ્ચેના સંકલનનો અભાવ પણ રસ્તા પર સ્પષ્ટ દેખાઈ આવે છે.

આ સંજોગોમાં સાત નવા સ્થળોએ સિગ્નલ ગોઠવવાનું આયોજન સ્પષ્ટપણે દર્શાવે છે કે, તંત્ર સમસ્યાનો કોઈ નક્કર અને કાયમી ઉકેલ શોધવા માંગતું નથી. માત્ર દેખાડો કરવા અને પ્રજાના પૈસાનો અણઘડ ખર્ચ કરવા માટે આવી યોજનાઓ બનાવવામાં આવે છે. રાજકોટના રસ્તાઓને પહોળા કરવા, દબાણો હટાવવા, પાર્કિંગની સુવિધા ઊભી કરવી અને ફ્લાયઓવર જેવા કાયમી આયોજનો કરવાને બદલે માત્ર સિગ્નલો ઊભા કરી દેવાથી ટ્રાફિક સુધરશે નહીં. રાજકોટની જનતા આજે ટ્રાફિકમાંથી મુક્તિ માટે કાયમી અને વ્યવહારુ ઉકેલ ઝંખી રહી છે. પરંતુ મનપા અને ટ્રાફિક તંત્ર પોતાના અણઘડ નિર્ણયોથી કાયમી ઉકેલ આપવાને બદલે ખુદ સમસ્યામાં સતત વધારો કરી રહ્યા છે.

# UPI મારફત એક વર્ષમાં ૨૪,૦૦૦ કરોડના વ્યવહાર

## ભૂટાન થઈને, ફ્રાન્સ-યુએઈ થઈને અત્યાર સુધીમાં ૧૦ દેશોમાં પહોંચ્યું

નવીદિલ્હી, તા.૧૫

યુનિફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ (UPI) દેશના દરેક ખૂણામાં પહોંચી ગયું છે, અને આ ડિજિટલ ચુકવણી પદ્ધતિ હવે અન્ય દેશોમાં પણ પહોંચી રહી છે. ઞ્ઙ્ઈનો ઉપયોગ ૧૦ દેશોમાં થાય છે. તેને લોન્ચ થયાને ૧૦ વર્ષ થઈ ગયા છે. જોકે, આ ચુકવણી પદ્ધતિ જેટલી સરળ અને વધુ સુલભ છે, તેમાં છેતરપિંડી અને છેતરપિંડીની સંભાવના એટલી જ વધારે છે. હવે, UPI ચુકવણી માટે વસૂલવામાં આવતી ફી અંગે દેશમાં વિવાદ ફાટી નીકળ્યો છે. કેન્દ્ર સરકારે સ્પષ્ટતા કરી છે કે બેંકો અને ચુકવણી સિસ્ટમ પ્રદાતાઓને ₹૨,૦૦૦ સુધીના ઞ્ઙ્ઈ વ્યવહારો માટે અથવા RuPay ડેબિટ કાર્ડનો ઉપયોગ કરીને કરવામાં આવતી કોઈપણ ચુકવણી માટે કોઈ ફી ન લેવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.




જોકે, સરકારે સ્પષ્ટતા કરી નથી કે ₹૨,૦૦૦ થી વધુના વ્યવહારો પર ફી લાગુ થશે કે વેપારીઓએ તે ચૂકવવી પડશે. હાલમાં, કોઈપણ રકમના UPI વ્યવહારો માટે કોઈ ફી નથી. કોંગ્રેસ સહિત વિપક્ષ આની ટીકા કરી રહ્યા છે. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર પર નિશાન સાધતા કહ્યું કે મોદી સરકારે UPI પર ફી લાદવાનો માર્ગ ચૂપચાપ મોકળો કરી દીધો છે. હવે, ₹૨,૦૦૦ થી વધુના વેપારી UPI વ્યવહારો પર MDR વસૂલ કરી શકાય છે. આ વ્યવહારો કુલ વ્યવહાર મૂલ્યના ફક્ત ૫% જેટલા હોઈ શકે છે, પરંતુ તે UPI ના કુલ વ્યવહાર મૂલ્યના આશરે ૬૫% નું પ્રતિનિધિત્વ કરે છે.

UPI ચુકવણીઓ પર વિપક્ષ કેન્દ્ર સરકાર પર હુમલો કરી રહ્યો છે. જોકે, આ ઓનલાઈન ચુકવણી પદ્ધતિ સામાન્ય લોકોમાં ખૂબ જ લોકપ્રિય છે. UPI નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) દ્વારા સંચાલિત છે અને પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ્સ એક્ટ, ૨૦૦૭ હેઠળ કામ કરવા માટે અધિકૃત છે. જુલાઈમાં સંસદ સત્ર દરમિયાન લોકસભામાં એક પ્રશ્નના જવાબમાં, કેન્દ્ર સરકારે જણાવ્યું હતું કે NPCI અનુસાર, જૂન ૨૦૨૬ સુધીમાં ૫૫૪.૯ મિલિયનથી વધુ વપરાશકર્તાઓ ઞ્ઙ્ઈ પ્લેટફોર્મ પર હશે. વધુમાં, UPI વ્યવહારોની સંખ્યા અને મૂલ્ય ઝડપથી વધી રહ્યું છે. ફક્ત છેલ્લા નાણાકીય વર્ષ (૨૦૨૫-૨૬) માં, UPI દ્વારા ૨૪,૦૦૦ કરોડથી વધુ વખત ચુકવણી કરવામાં આવી હતી.

આ સમયગાળા દરમિયાન, ₹૩૧૪.૨૩ લાખ કરોડની ચુકવણીઓ પ્રક્રિયા કરવામાં આવી હતી. ૨૦૨૧-૨૨માં, ૪,૫૯૫.૬૧ કરોડથી વધુ વખત ચુકવણી કરવામાં આવી હતી, જેમાં ₹૮૪.૧૬ લાખ કરોડના ટ્રાન્સફરનો સમાવેશ થતો હતો. ૨૦૨૨-૨૩માં, આ દર ૮,૩૭૧.૪૪ કરોડ વખત હતો, જેમાં કુલ ₹૧૩૯.૧૫ લાખ કરોડના વ્યવહારો હતા. તેવી જ રીતે, ૨૦૨૩-૨૪માં, UPIનો ઉપયોગ કરીને ૧૩,૧૧૨.૯૫ કરોડ વખત ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેમાં ₹૧૯૯.૯૫ લાખ કરોડ વખત વ્યવહારો થયા હતા. ૨૦૨૪-૨૫માં, UPIનો ઉપયોગ ૧૮,૫૦૦ કરોડ વખત કરતા વધુ વખત કરવામાં આવ્યો હતો, જેમાં ₹૨૬૦.૫૬ લાખ કરોડના વ્યવહારો અથવા ચુકવણીઓ સામેલ હતી. ૨૦૨૧-૨૨ની સરખામણીમાં, ૨૦૨૫-૨૬માં UPI ચુકવણીઓ લગભગ છ ગણી વધીને ૨૪,૧૬૧.૭૯ કરોડ વ્યવહારો પર પહોંચી ગઈ, જેમાં ₹૩૧૪.૨૩ લાખ કરોડના વ્યવહારો થયા હતા.

# કાશ્મીરમાં આતંકવાદનો ખાત્મો

## એક વર્ષમાં એક જ નવો આતંકી નોંધાયો : નિયંત્રણ રેખા પર તણાવ ચાલુ છે

નવીદિલ્હી, તા.૧૫

સંરક્ષણ મંત્રાલયના વાર્ષિક અહેવાલમાં જમ્મુ અને કાશ્મીરની વર્તમાન સુરક્ષા પરિસ્થિતિ વિશે મહત્વપૂર્ણ માહિતી બહાર આવી છે. અહેવાલ મુજબ, ભારતીય સેનાના સતત પ્રયાસોને કારણે, જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષા પરિસ્થિતિ એકંદરે નિયંત્રણમાં છે. સ્થાનિક વસ્તી વિકાસના માર્ગ પર આગળ વધી રહી છે અને સરકાર અને ભારતીય સેના દ્વારા ચલાવવામાં આવતા વિવિધ કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં ભાગ લઈ રહી છે. અહેવાલમાં જણાવાયું છે કે આની અસર જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષા વાતાવરણ પર પણ પડી રહી છે. હિંસાનું સ્તર ઘટ્યું છે, વિરોધ પ્રદર્શનોમાં ઘટાડો થયો છે અને પથ્થરમારાની ઘટનાઓ શૂન્ય થઈ ગઈ છે. સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ઓપરેશન સિંદૂર દરમિયાન જમ્મુ અને કાશ્મીર અને નિયંત્રણ રેખા પર સુરક્ષા સ્થિતિમાં નોંધપાત્ર સુધારો થયો છે. જો કે, ૧૦ અને ૧૨ મે, ૨૦૨૫ ના રોજ ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સ (DGMO)-સ્તરની વાટાઘાટો પછી, પરિસ્થિતિ ઘણી હદ સુધી સ્થિર થઈ છે. આ હોવા છતાં, સુરક્ષા સ્થિતિમાં અનિશ્ચિતતા રહે છે.



સુધારેલી સુરક્ષા પરિસ્થિતિની અસર પર્યટન પર પણ પડી રહી છે. અહેવાલ મુજબ, ૨૦૨૫માં આશરે ૨૩ મિલિયન પ્રવાસીઓએ જમ્મુ અને કાશ્મીરની મુલાકાત લીધી હતી. દરમિયાન, ૪.૧૩ લાખ યાત્રાળુઓએ શ્રી અમરનાથ યાત્રામાં ભાગ લીધો હતો. અહેવાલમાં જણાવાયું છે કે પહેલગામ આતંકવાદી હુમલા છતાં, પ્રવાસીઓ સુરક્ષા દળોમાં વિશ્વાસ વ્યક્ત કરી રહ્યા છે અને પર્યટન માટે જમ્મુ અને કાશ્મીર પરત ફરી રહ્યા છે. જોકે, નિયંત્રણ રેખા પર યુદ્ધવિરામ ઉલ્લંઘનના આંકડા પણ સુરક્ષા પડકારો તરફ ઈશારો કરે છે. અહેવાલ મુજબ, ૨૦૨૪માં નિયંત્રણ રેખા પર માત્ર બે યુદ્ધવિરામ ઉલ્લંઘન થયા હતા, જ્યારે ૨૦૨૫માં આ સંખ્યા વધીને ૧૬૩ થઈ ગઈ હતી. આમાંથી, ઓપરેશન સિંદૂર દરમિયાન ૧૨૪ યુદ્ધવિરામ ઉલ્લંઘન નોંધાયા હતા.

અહેવાલ મુજબ, ૨૦૨૫માં આતંકવાદીઓ દ્વારા છ ઘૂસણખોરીના પ્રયાસો કરવામાં આવ્યા હતા, જ્યારે નિયંત્રણ રેખા પર ઘૂસણખોરીના પ્રયાસો દરમિયાન ૧૨ પાકિસ્તાની આતંકવાદીઓ માર્યા ગયા હતા. ભારતીય સેનાના મૂલ્યાંકન મુજબ, પાછલા વર્ષોની તુલનામાં નિયંત્રણ રેખા પર ઘૂસણખોરીના પ્રયાસોમાં થોડો ઘટાડો થયો છે. જો કે, આતંકવાદી પ્રવૃત્તિઓ હવે આંતરરાષ્ટ્રીય સરહદ (IB) ક્ષેત્રમાં વધુ કેન્દ્રિત હોવાનો અંદાજ છે, જેમાં માદક દ્રવ્યોની દાણચોરી અને યુદ્ધ સામગ્રીનો સમાવેશ થાય છે. જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદ સામેની લડાઈમાં સૌથી મોટો ફેરફાર સ્થાનિક યુવાનોની આતંકવાદી સંગઠનોમાં ભરતીના આંકડામાં પ્રતિબિંબિત થાય છે. અહેવાલ મુજબ, ૨૦૨૧ માં ૧૪૬ સ્થાનિક યુવાનો આતંકવાદી સંગઠનોમાં જોડાયા હતા, જ્યારે ૨૦૨૨ માં આ સંખ્યા ઘટીને ૧૨૧ થઈ ગઈ. ત્યારબાદ, સંખ્યામાં સતત ઘટાડો થયો, ૨૦૨૩ માં ૧૯, ૨૦૨૪ માં ૪ અને ૨૦૨૫ માં ફક્ત ૧ યુવાનો આતંકવાદના માર્ગે જોડાયા.

સંરક્ષણ મંત્રાલયના અહેવાલ મુજબ, સ્થાનિક યુવાનોએ હિંસાનો માર્ગ છોડી દીધો છે અને સરકારી યોજનાઓ અને નીતિઓનો લાભ લેવાનું શરૂ કર્યું છે. ૨૦૨૫ માં આતંકવાદી સંગઠનોમાં ફક્ત એક સ્થાનિક યુવાનની ભરતીને પાકિસ્તાનના કથન માટે મોટો ફટકો માનવામાં આવે છે, જે જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદને સ્વદેશી તરીકે દર્શાવે છે.

# શબ્દ બ્રહ્મ

### સદગુરૂ કૃપા હી કેવલમ્...

## શ્રાવણી સત્સંગ

### મૃત્યુંજય મંત્રનો જાપ ભોગ અને દેહ આસક્તિ છોડાવી મૃત્યુ તરફ સહજ સન્મુખ કરે છે



હે દેવાધિદેવ મહાદેવ.

સૌનાં હ્રદયમાં કરુણા રુપે રહેલાં આપનાં સૌમિત્રી સ્વરૂપને સાષ્ટાંગ પ્રેમ. ભક્તિનાં નામે વૈરાગ્ય ના નામે સજ્જન હોવાનો જીવ લાખ દાવો કરે તો પણ એમાં દંભની અમુક માત્રા રહી જ જાય છે અને એ જ કળિયુગની પ્રભાવકતા! અને એટલે જ શિવપુરાણમાં કળિયુગની વ્યાપકતાની વાત કરવામાં આવી છે! પરંતુ કેટલુંય વિશ્લેષણ કરીને જાગૃત રહેવા કોશિષ કરીએ,પણ ક્યાંક ચૂક તો થઈ જ જાય ! અને એટલે જીવને છેવટની ઘડીએ બે દ્વિધા સતાવે! અરરરર ભગવત ભજન તો કર્યું નહીં! અને બીજું કમાયેલ ધન સંપત્તિ, પદ પ્રતિષ્ઠા, અને સંબધો આ બધું જ છોડવું પડશે, અને એ કેમે છૂટતું નથી! ત્યારે આપણને મૃત્યુંજયનો મંત્ર મદદ કરી શકે. ૐ ત્ર્યમ્બકં યજામહે સુગન્ધિં પુષ્ટિવર્ધનમ્મ ઉર્વારુકમિવ બંધનાન્ મૃત્યોર્મુક્ષીય મામૃતાત્ ય ૠગ્વેદમાં આવેલા આ મંત્રનો અર્થ શિવપુરાણમાં શુક્રાચાર્ય એ બતાવ્યો છે, અને જે આપણાં જેવાં કળિયુગનાં સંસારી કે જેને છેક સુધી નથી ભોગ લાલસા છૂટતી કે નથી દેહ લાલસા છૂટતી એની માટે બહુ જ ઉપયોગી છે.

ત્રણ નેત્રવાળા શિવ કે જે જ્ઞાન, અંતદ્રષ્ટિ અને ચેતનાના પ્રતીક છે! જેમ સુગંધ દેખાતી નથી, છતાં સર્વત્ર અનુભવાય છે, તેમ ઈશ્વરીય ચેતના સર્વત્ર વ્યાપ્ત છે. જે શરીર, મન અને આત્માની શક્તિને વધારે છે, અને એટલે પાકેલું ફળ જેમ વેલથી સ્વાભાવિક રીતે છૂટે, તેમ સાધક અજ્ઞાન, અહંકાર અને આસક્તિનાં બંધનોથી મુક્ત થાય. તથા મૃત્યુનાં ભય અને જન્મમરણના બંધનથી મુક્તિ આપી, અમૃત એટલે શાશ્વત પરમ સત્ય સન્મુખ કરો. આ મંત્રનો મૂળ આધ્યાત્મિક ભાવ છે, હે શિવ, મને મૃત્યુના ભયથી નહીં, પરંતુ મૃત્યુના મૂળ એવા અજ્ઞાન અને આસક્તિથી મુક્ત કરો અને મારા શાશ્વત આત્મસ્વરૂપનો અનુભવ કરાવો.

શિવ પુરાણનાં મહાત્મ્યમાં આપણે ભગવાન ભોળાનાથની કૃપાનું સુખદ્ પરિણામ જોયું, આપણી એક બહુ મોટી ભૂલ એ થઈ કે આપણે ધર્મની બાબતમાં આગ્રહમાં અટવાઈ ગયાં, એટલે કે આમ તો થવું જ જોઈએ! અથવા એવું બિલકુલ નહીં ચાલે! અને એને કારણે નવી પેઢી ધર્મને પ્રંપચનો અડ્ડો સમજવા લાગી, અને ધર્મને નામે કોઈ ઠોસ આધાર ન મળતાં ભટકી ગઈ, એટલે બાપુ કહે છે, એમ શ્રોતા વક્તા બંને વચ્ચે ચૈતસિક સેતુ બની શકે એમ કથાનું આયોજન કરવું! અને એમાં પરમ તત્વની જ પ્રધાનતા રહેવી જોઈએ.

કે જ્યાં ગંગા યમુનાનો સંગમ થયો છે એવાં તપસ્વીઓનાં પુણ્યથી પ્રકાશતાં પ્રયાગમાં જ્યારે સૂતજીને આવતા જોયા ત્યારે મુનિઓ અત્યંત હર્ષિત થઈ ગયાં, અને એમને પુછવા લાગ્યાં, કે આ પહેલાં પણ અમે આપના શ્રી મુખેથી કથા સાંભળી છે, પણ અમને હજી તૃપ્તિ થઈ નથી. કળિયુગની વ્યાપકતાની વ્યાધિ અમને પીડા આપે છે! તો આ કાળમાં પણ સર્વનું હિત જેમાં સમાયેલું છે, એવો કોઈ ઉપાય બતાવો!

મુનિઓ કહે છે કે ઘોર કળિયુગમાં મનુષ્ય પુણ્ય કર્મ કરતાં બંધ થઈ જશે, અને સતત કોઈને કોઈ દુરાચારમાં પ્રવૃત્ત રહેશે. સત્યને નીતિથી વિમુખ થતાં જશે, અન્યોની નિંદામાં એમને રસ પડશે. પારકું ધન હડપ કરી લેવાની ઈચ્છા દિન પ્રતિદિન વધતી રહેશે, પર સ્ત્રીમાં આસક્તિ વધતી જશે, પ્રાણીઓની હિંસા કરતાં પણ અચકાશે નહીં. પોતાનાં દેહને જ આત્મા સમજવાની ભૂલ કરી દિવસે ને દિવસે દેહ કેન્દ્રી અથવા નાસ્તિક થતાં જશે. બુદ્ધિમાં પશુતા પ્રવેશી જતાં માતાપિતા સાથે પણ દ્વેષ કરશે,બ્રાહ્મણો લોભી બનતા જશે, વેદ વેચીને પણ આજીવિકા ચલાવશે, વિદ્યા પણ માત્ર આર્થિક ઉપાર્જન માટે જ છે, એવો અર્થ કરી વિદ્યાને પણ વેચશે, બ્રાહ્મણ ત્રણે કાળની સંધ્યા ઉપાસના છોડી બ્રહ્મજ્ઞાન અને વેદ વેદાંતથી પરેનું જીવન જીવશે. આમ કુસંગી પાપી અને વ્યભિચારિ થઈ જશે, એમનામાં સાહસ અને શૌર્યનો અભાવ હશે, તેવો કપટ અને ચોરી જેવા દુર્ગુણને હથિયાર બનાવી જીવિકા ચલાવશે. દૂરબુદ્ધિથી પ્રેરાઈને પોતાની ચિત્તવૃત્તિને મલિન કરશે, ધર્મને માત્ર બાહ્ય દેખાવનું માધ્યમ બનાવી બધાં ધર્મના કર્મ છોડીને, માત્ર દેખાવે ટીલાં ટપકાં કરીને ફરશે, પણ એમનાં વિચાર ધર્મ વિરુદ્ધ હશે, તે દ્વિજ નિંદક કહેવાશે. જો ધન મળી જશે તો એ કુકર્મમાં જોતરાઈ જશે, વિદ્વાન હશે તો વાદવિવાદમાં જ સત્યની ઉર્જા ખર્ચાઈ જશે. પોતાની જાતને અતિશય કુલીન સમજી અથવા બુદ્ધિશાળી સમજીને ચારે વર્ણ સાથે રોટી બેટી વ્યવહાર કરશે. સ્ત્રીઓ પણ સદાચારથી વિમુખ થશે, એમનાં શીલ સંસ્કારના પ્રમાણ બદલાઈ જશે, એમને મન પતિ પરિવારની સેવાનું મહત્વ નહીં રહે. માટે હે સૂતજી આવાં મનુષ્યની દુરાચારથી બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ હશે! અને જેમણે પોતાનાં સ્વધર્મનો ત્યાગ કર્યો હશે. પરોપકાર જેવો ઉત્તમ કોઈ ધર્મ નથી, માટે આપ કોઈ નાનાં એવા ઉપાયથી આ કળિયુગી મનુષ્યનાં સર્વ પાપનો નાશ થાય એવો ઉપાય કહો, કારણકે આપ સર્વ સિદ્ધાંતોનાં જ્ઞાત છો.

આદ્યન્તમંગલમજાત સમાનભાવ
માર્ય તમીશમજરામરમાત્મદેવમ્
પંચાનન પ્રબલપંચવિનોદશીલં,
સમ્ભાવયે મનસિ શંકરમમ્બિકેષમ્.

સૂતજી, જેનો આદિ મધ્ય અને અંત મંગલ છે, અને જે સર્વમાં સમ ભાવ ધરાવે છે, પાંચ મુખ વાળા છે, પ્રબળ છે, અને સ્વભાવે વિનોદ શીલ છે, એવાં અંબિકા પતિ શિવનું સ્મરણ કરે છે. સૂતજી આગળ શિવ પુરાણના શ્લોક અને સંહિતાનું વિવરણ કરે છે. અત્યાર સુધીમાં શૌનક મુનિ તેમજ અન્ય મુનિઓને કળિયુગમાં દ્વિજ એટલે બ્રાહ્મણ ભ્રષ્ટ બુદ્ધિ થતો જશે, એની ચિંતા સતાવે છે! અને આપણે સૌ જોઈ રહ્યાં છે કે આ મુનિઓની ચિંતા વ્યાજબી હતી, કારણકે બ્રાહ્મણ એટલે કે વર્ણની રીતે નહીં, પણ એક સજ્જન અથવા મહેતાજી જેને વૈશ્નવ કહે છે, એવાં માનવી સમાજમાંથી ઘટતાં જાય છે. સમય ઘણો બદલાઈ ગયો છે, અને આપણે એકવીસમી સદીમાં જીવીએ છીએ, ત્યારે માત્ર ખોખલી વાતો વિકાસને અટકાવે , અને અસ્પૃશ્યતા આપણાં સમાજનું દૂષણ હતું, એ નીકળવું જ જોઈએ! પરંતુ સૌ સમાનની એક બહુ મોટી સમસ્યા એ છે કે, હવે ગુમરાહ થતાં સમાજને દોરશે કોણ ? વેદોમાં અને અન્ય પૌરાણિક શાસ્ત્રોમાં સામાન્ય માનવીને કંઈ રીતે જીવન જીવવું એની વાત વણી લેવામાં આવી હતી! અને આ ઉપદેશ બ્રાહ્મણ દ્વારા સમાજને આપવામાં આવતો! હવે પોતે જ દિશા હીન જીવન જીવનારા, બીજાને કંઈ રીતે રાહ ચીંધી શકે!

વિપ્ર, દ્વિજ, કે બ્રાહ્મણ શબ્દ જેની માટે પ્રાયોજિત થાય છે, એ હકીકતમાં છે શું? એવો કોઈ પ્રશ્ન થાય તો! આપણો શું જવાબ હોય શકે! સદગુરુ કૃપાથી એટલું સમજાયું છે કે આ માત્ર વર્ણ પરક શબ્દ નથી! સમાજની બહુ મોટી જવાબદારી છે એની પર! અંતઃકરણ ની પ્રવૃત્તિ મુજબ ૧૫ કે ૧૭ વર્ષ સુધી જેને પ્રસિષ્ત કરવામાં આવે, અથવા વેદ પુરાણોનું જ્ઞાન આપવામાં આવે, અને પછી સામાજિક ઉદેશ્યથી સંસારી બની સમાજમાં રહે એ બ્રાહ્મણ! વિપ્ર એટલે જેનાં જન્મનું કોઈ વિશેષ પ્રયોજન હોય એ વિપ્ર! દ્વિજ એટલે જેનાં બે જન્મ, એક જનની નો જાયો, અને બીજો જન્મ તેને યજ્ઞોપવિત જેવા પવિત્ર સંસ્કારથી સંયમી અને સુસંસ્કૃત બનાવે એ શાસ્ત્ર. આગળ શિવ પુરાણમાં શિવ પોતાને વિપ્ર કહે છે, વર્ણની રીતે આપણે જે હોઈએ તે પણ શંકર જેમ સૌનાં શુભ મંગલનું વલણ અપનાવી શકીએ એમ જીવીએ. ૐ નમઃ શિવાય.

**લી. ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

# માફિયાઓ સાથે અધિકારીઓની સાંઠગાંઠ

## CJIએ કરી ટીકા : કેન્દ્ર સરકારને સોગંદનામું દાખલ કરવા અને લેવામાં આવેલી કાર્યવાહી વિશે માહિતી આપવા કહ્યું



નવીદિલ્હી, તા.૧૫

હરિયાણામાં જમીન વિવાદ સંબંધિત કેસની સુનાવણી દરમિયાન, સુપ્રીમ કોર્ટે રાજ્યના અધિકારીઓ અને જમીન માફિયાઓ વચ્ચેના કથિત સાંઠગાંઠ અંગે કડક ટિપ્પણીઓ કરી. ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી બેન્ચ આ મામલે કેન્દ્ર સરકારને અપીલ કરશે. સોગંદનામું દાખલ કરવાનો નિર્દેશ આપ્યો. CJI એ ટિપ્પણી કરી કે કોર્ટ જાણે છે કે તમારા રાજ્ય સરકારના અધિકારીઓ જમીન માફિયાઓ સાથે કેટલી બેશરમીથી વ્યવહાર કરી રહ્યા છે. સાથે સાંઠગાંઠ કરી રહ્યા છે.

સુનાવણી દરમિયાન, CJI સૂર્યકાંતે હરિયાણા સરકારી અધિકારીઓ અને જમીન માફિયાઓ વચ્ચેના કથિત સાંઠગાંઠની ચર્ચા કરી. સાંઠગાંઠ પર ભારે નારાજગી વ્યક્ત કરી. અરજદારો દ્વારા ટાંકવામાં આવેલા સુપ્રીમ કોર્ટના અગાઉના નિર્ણય હેઠળ કોર્ટે કેન્દ્ર સરકારને નિર્દેશ આપ્યો. અત્યાર સુધી શું કાર્યવાહી કરવામાં આવી છે તે જાહેર કરવા કહ્યું. હરિયાણામાં અધિકારીઓ અને કથિત જમીન માફિયાઓ વચ્ચે સાંઠગાંઠ પર સુપ્રીમ કોર્ટે કડક ટિપ્પણીઓ કરી. CJI સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી બેન્ચે કેન્દ્ર સરકારને સોગંદનામું દાખલ કરવા અને કાર્યવાહી વિશે માહિતી આપવા કહ્યું.

હરિયાણામાં જમીન વિવાદ સંબંધિત કેસની સુનાવણી દરમિયાન, સુપ્રીમ કોર્ટે રાજ્યના અધિકારીઓ અને જમીન માફિયાઓ વચ્ચેના કથિત જોડાણ અંગે કડક ટિપ્પણીઓ કરી. ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) સૂર્યકાંતની આગેવાની હેઠળની બેન્ચ આ મામલે કેન્દ્ર સરકારને અપીલ કરશે. સોગંદનામું દાખલ કરવાનો નિર્દેશ આપ્યો. CJI એ ટિપ્પણી કરી કે કોર્ટ જાણે છે કે રાજ્ય સરકારના અધિકારીઓ જમીન માફિયાઓ સાથે કેટલી બેશરમીથી વ્યવહાર કરે છે. સાંધો. સુનાવણી દરમિયાન, CJI સૂર્યકાંતે હરિયાણા સરકારી અધિકારીઓ અને જમીન માફિયાઓ વચ્ચેના કથિત જોડાણ વિશે વાત કરી. સંદોવાની પર ભારે નારાજગી વ્યક્ત કરી. કોર્ટે અરજદારો દ્વારા ટાંકવામાં આવેલા સુપ્રીમ કોર્ટના અગાઉના નિર્ણય હેઠળ કેન્દ્ર સરકારને નિર્દેશ આપ્યો. અત્યાર સુધી શું કાર્યવાહી કરવામાં આવી છે તે જાહેર કરવા કહ્યું.

### મોદી શાહની સરકારને ઉથાલવી દેવા હવે ડ્રોન હુમલા કરવામાં આવશેઃ ખાલીસ્તાનીના નામે ઇ-મેઇલ

# રાજકોટ કોર્ટ, બંદરો, રીફાઇનરીને ડ્રોનથી ઉડાવવાની ધમકી

## ડીસ્ટ્રીકટ કોર્ટ અને બાર એસઓસિએશનને ઇ-મેઇલ મળતાં એસઓજી, ડોગ સ્ક્વોડ, ક્યુઆરટી, બોમ્બ સ્ક્વોડ દ્વારા તપાસ
## ન્યારા રીફાઇનરી, વાડીનાર બંદર, મહાત્મા મંદિરને ઉડાડી દેવાની ધમકીઃ ગુજરાત બોલશે ખાલીસ્તાન જીંદાબાદ એવા મથાળા સાથે ઇ મેઇલ કરાયો







રાજકોટ, તા.૧૫

વધુ એક વખત રાજકોટની ડિસ્ટ્રિક્ટ કોર્ટને ધમકી ભર્યો ઇ-મેઇલ મળતાં દોડધામ મચી ગઇ હતી એસઓજીએ ધમકીને ગંભીરતાથી લઇ ડોગ સ્ક્વોડ, બોમ્બ સ્ક્વોડ, ક્યુઆરટી ટીમને સાથે રાખી કોર્ટના ખુણે ખુણામાં તપાસ કરી હતી. જો કે કંઇ વાંધાજનક ન મળતાં રાહત અનુભવી હતી. આ વખતે ખાલીસ્તાની સંગઠનના નામે આ ધમકી અપાઇ હતી. જેમાં ગુજરાતના બંદરો, રીફાઇનરીઓ તેમજ ગાંધીનગરના મહાત્મા મંદિરમાં ડ્રોન હુમલા કરવાની ધમકી પણ અપાઇ હોઇ રાજકોટ પોલીસે આ ત્રણ જીલ્લાને પણ ફોન-ઇમેઇલથી જાણ કરી હતી. ગુજરાત બોલશે ખાલીસ્તન જીંદાબાદ એવા મથાળા સાથે આ ધમકી ભર્યો ઇ-મેઇલ મોકલાયો હતો. જેમાં મોદી શાહની સરકાનો અંત લાવવા ડ્રોન હુમલા થશે તેવો ઉલલેખ પણ હતો.

વિગતો જોઇએ તો રાજકોટ ડીસ્ટ્રીકટ કોર્ટને તેમજ રાજકોટ બાર એસોસિએશનના અધિકૃત ઇ-મેઈલ આઈડી પર બોમ્બ ધમાકાની ધમકી આપતો એક અનામી ઇ-મેઈલ મળતા કોર્ટમાં અને પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઈ છે. ઇ-મેઈલમાં ગુજરાતના બંદરો, રિફાઇનરીઓ અને ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિર સેન્ટરને નિશાન બનાવવાની ધમકી આપવામાં આવી છે. શહેર પોલીસના જણાવ્યા મુજબ રાજકોટ કોર્ટને ઇ-મેઇલ મળ્યો હોઇ જે જે સ્થળોનો ઉલ્લેખ છે તે જીલ્લાઓની પોલીસને જાણ કરી દેવામાં આવી છે. તેમજ રાજકોટ ડીસ્ટ્રીકટ કોર્ટ ખાતે બોમ્બ સ્ક્વોડ, ડોગ સ્ક્વોડ અને પોલીસ સ્ટાફે પહોંચી ચેકીંગ હાથ ધર્યુ હતુ. જો કે તપાસમાં કંઇ શંકાસ્પદ ન મળતાં રાહત અનુભાવી હતી.

વધુ માહિતી અનુસાર આ ઇ-મેઇલમાં રાજકોટ કોર્ટ બપોરે ૩ઃ૧૧ યુક્રેનિયન મોડલના ડ્રોન...એવો ઉલ્લેખ છે. જો કે બ્લાસ્ટ થશે તેવો કોઇ ઉલ્લેખ નથી. આ ઉપરાંત મહાત્મા મંદિર (ગાંધીનગર) ખાતે ૧૫ અને ૧૬ સપ્ટેમ્બરે આઇફોન બેટરીથી બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવશે તેવી પણ ધમકી ઇ-મેઇલથી અપાઇ છે. આ ઉપરાંત વાડિનાર પોર્ટ, સિક્કા પોર્ટ, ન્યારા રિફાઇનરી અને જામનગર વિસ્તારમાં ડ્રોન આઇઇડી હુમલા અને ૧૮ સપ્ટેમ્બરથી વધુ આક્રમક હુમલા કરવાની ચેતવણી અપાઇ હતી. આ ઇ-મેઇલમાં ખાલિસ્તાન નેશનલ આર્મી અને બબ્બર ખાલસા નામના સંગઠનોના નામોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ધમકીભર્યો ઈમેઈલ મળતા જ બાર એસોસિએશન અને કોર્ટ દ્વારા શહેર પોલીસ કન્ટ્રોલ રૂમને જાણ કરવામાં આવી હતી. આ મામલે સાયબર સેલ દ્વારા ઈમેઈલના સ્ત્રોત-આઇપી એડ્રેસ અંગે સઘન તપાસ શરૂ કરવામાં આવી હતી. ગુજરાતના મહત્વના અને સંવેદનશીલ સ્થળોને નિશાન બનાવીને ફરી એકવાર બોમ્બથી ઉડાવી દેવાની ધમકી ડિસ્ટ્રિક્ટ કોર્ટને મળેલા એક ઈમેઇલમાં અપાઇ હતી. જેમાં ન્યારા રિફાઇનરી, સિક્કા પોર્ટ અને ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિર ખાતે પણ બોમ્બ ધમાકો થશે તેવી ધમકી અપાઇ હતી. આ ધમકીભર્યો ઈમેઇલ મળતાની સાથે જ રાજકોટ સિટી પોલીસ કંટ્રોલ રૂમને તેની જાણ કરવામાં આવી હતી.

મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ત્વરિત પગલાં રૂપે દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ, ગાંધીનગર જિલ્લા પોલીસ અને જામનગર જિલ્લા પોલીસને પણ ઈમેઈલ તેમજ ફોન દ્વારા તાત્કાલિક ધોરણે એલર્ટ કરવામાં આવ્યા હતો. ધમકીની વિગતો મળતાની સાથે જ સંબંધિત જિલ્લાઓની પોલીસ, બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્કવોડ ડોગ સ્કવોડ અને સ્થાનિક સુરક્ષા એજન્સીઓ હરકતમાં આવી ગઈ હતી. ન્યારા રિફાઇનરી, સિક્કા પોર્ટ તેમજ ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે સુરક્ષા તપાસ અને સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. સુરક્ષા દળો દ્વારા તમામ સંવેદનશીલ સ્થળો પર સઘન પેટ્રોલીંગ અને આવનારા વાહનો તથા વ્યક્તિઓની ચકાસણી કરવામાં આવી હતી.

અગાઉ પણ રાજકોટ કોર્ટને ઉડાવી દેવાની આવી ધમકી ભર્યા ઇ-મેઇલ મળ્યા હતાં. ત્યારે એસઓજી, બોમ્બ સ્ક્વોડે તપાસ કરી હતી. આ વખતે મળેલા ઇ-મેઇલમાં રાજકોટ ડિસ્ટ્રીકટ કોર્ટ એટધરે૩ઃ૧૧પીએમ યુક્રેન વર્ગે ડ્રોન નાલ. એવુ પણ લખેલું છે. રાજકોટ શહેર પોલીસ સાયબર ક્રાઇમ દ્વારા ઇ-મેઇલ અંગે તપાસ શરૂ કરવામાં આવી હતી. આજે કોર્ટમાં રજા હોઇ બાર એસોસિએશનના ઇ-મેઇલ આઇડી ઉપર પણ આ ધમકી ભર્યો મેઇલ મળતાં તુરત જ પોલીસને જાણ કરી હતી. રાજકોટ પોલીસે પણ ઇ-મેઇલમાં મળેલી ધમકીને પગલે તકેદારીના ભાગ રૂપે કોર્ટમાં તપાસ કરવામાં આવી હતી. એસઓજી પીઆઇ એન. બી. ચૌધરીએ જણાવ્યું હતું કે ઇ-મેઇલને પગલે શહેર એસઓજીની ટીમે બોમ્બ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડ તેમજ ક્યુઆરટીની ટીમોને સાથે રાખી કોર્ટના ખુણેખુણા ચેક કર્યા હતાં. પણ કંઇ શંકાસ્પદ મળી આવ્યું નહોતું. ખાલીસ્તાનીના નામે કોણે ઇ-મેઇલ કર્યો તેની તપાસ હાથ ધરાઇ હતી.

# જમ્યા બાદ દંપતિ, દિકરીને ઉલ્ટી પાંચ વર્ષની લાડકવાયીનું મોત

### પડધરીના ઇશ્વરીયાનો બનાવઃ મજૂર પરિવારમાં શોક



રાજકોટ, તા.૧૫

જમ્યા બાદ મજુર દંપતિ અને પાંચ વર્ષની દિકરીને ઉલ્ટી થયા બાદ દિકરીની તબીયત બગડતાં સારવાર માટે દાખલ કરાઇ હતી. પરંતુ તેનું મોત થયું હતું. પડધરીના ઇશ્વરીયા ગામે રહેતાં મુળ એમપીના મજૂર દંપતિ અને પાંચ વર્ષની દિકરીને બટેટાનું શાક અને રોટલી ખાધા બાદ ઉલ્ટીઓ થતાં તેમાં પાંચ વર્ષની દિકરીની તબીયત બગડતાં સારવાર માટે દાખલ કરાઇ હતી. તેનું આજે મોત નિપજતાં અરેરાટી વ્યાપી ગઇ હતી.

વિગતો જોઇએ તો ઇશ્વરીયામાં મેરામભાઇની વાડીએ રહેતાં અને મજુરી કરતાં અરવિંદભાઇ પટેલીયા અને તેના પત્નિ તથા તેમની દિકરી શીવાની (ઉ.વ.૫)ને ૧૩મીએ બેટટાનું શાક અને રોટલી ખાધા બાદ ઉલ્ટીઓ થતાં સારવાર લીધી હતી. એ પછી દિકરી શિવાનીને તાવ પણ ચડતાં વધુ સારવાર માટે રાજકોટ ખસેડાઇ હતી. પરંતુ અહિ આજે મૃત્યુ થતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. મૃત્યુ પામનાર શિવાની માતા-પિતાની એકની એક દિકરી હતી. આ દંપતિ ખેત મજુરી કરી ગુજરાન ચલાવે છે. પડધરી પોલીસે જરૂરી કાર્યવાહી કરી મોતનું ચોક્કસ કારણ જાણવા બાળકીના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યુ.હતું.

### દામ્પત્ય જીવનમાં શરૂ થયેલો ડખ્ખો પત્નિ રિસામણે ગયા પછી પતિના હાથ ભાંગવા સુધી પહોંચ્યો

# વરસાદમાં સાસરીયા વરસ્યા : આધેડની ધોલાઇ

## વેલનાથપરા પાસે મંદિર નજીક સુતેલા આધેડને ધાબળો ખેંચી જગાડી સાળો, સસરા, પત્નિ, સાસુએ ધોકાના ઘા ફટકાર્યાઃ તું કેમ સગાઇ થવા દેતો નથી, મારી બહેનને કેમ હેરાન કરે છે કહી સાળાએ ખાર ઉતાર્યો

રાજકોટ, તા.૧૫

દામ્પત્ય જીવનમાં નાની મોટી વાતે તણખા ઝરતા રહે છે. પણ બાદમાં ઘીના ઠામમાં ઘી પડી જતાં સમાધાન થઇ જતું હોય છે. પરંતુ ઘણીવાર વાત વણસી જાય તો પછી ધોકા-પાઇપ ઉડતાં હોય છે અને ક્યારેક હાથ પગ ભાંગી નાંખવાના કે પછી ઠામુકા પતાવી દેવાના કિસ્સા પણ બને છે. આવી જ એક ઘટના સામે આવી હતી. જેમાં કોઠારીયા રણુજા મંદિર નજીક વેલનાથપરામાં હાલ એકલા રહેતાં અશોકભાઇ ઝરમરીયા નામના આધેડ પર વરસતા વરસાદ વચ્ચે રીસામણે ગયેલી પત્નિ, સાસુ, સસરા, સાળા ધોકાથી વરસી પડ્યા હતાં અને બેફામ ફટકારી હાથ ભાંગી નાંખ્યો હતો. આ આધેડ સાળાની સગાઇમાં વચ્ચે આવી સગાઇ થવા દેતાં ન હોવાનું લાગતું હોઇ તેના કારણે હુમલો કરાયોહ તો.

વિગતો પર નજર કરીએ તો રણુજા મંદિર સામે લાપાસરી રોડ પર મંદિર નજીક ધાબળો ઓઢીને સુતા હતાં ત્યારે નજીકમાં જ રહેતો સાળો, સાસુ અને હાલ રિસામણે ગયેલી પત્નિએ આવી ધાબળો ખેંચી જગાડી માથાકુટ ચાલુ કર્યા બાદ ફોન કરતાં સસરા પણ રિક્ષામાં બે ધોકા લઇને આવ્યા બાદ ધોકાથી માર મારતાં અશોકભાઇનો હાથ ભાંગી જતાં સારવાર માટે દાખલ થયા હતાં. ઘટનાની જાણ સિવિલ હોસ્પિટલ ચોકીના સ્ટાફે કરતાં આજીડેમ પોલીસ સ્ટેશનના ઇન્વે એએસઆઇ અશોકભાઇ કલાલ હોસ્પિટલે પહોંચ્યા હતાં. તેમણે હોસ્પિટલના ખાટલે દાખલ રણુજા મંદિર સામે લાપાસરી રોડ પર ખીમભાઇની દુકાનવાળી શેરીમાં વેલનાથપરામાં રહેતાં અશોકભાઇ શીવાભાઇ ઝરમરીયા નામના પિસ્તાલીસ વર્ષના આધેડની ફરિયાદ લીધી હતી.

પોલીસે તેમની ફરિયાદ પરથી તેના પત્નિ નીરૂબેન અશોકભાઇ વાઘેલા, સાસુ નાનુબેન, સસરા ધીરૂભાઇ દેગામા અને સાળો દેવો દેગામા વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો. ઘાયલ થયેલા અશોકભાઇએ જણાવ્યું હતુ કે હાલ હું એકલો રહુ છું અને છૂટક કલર કામ કરવાની મજૂરી કામ કરુ છું. મારા માતા-પિતા અને ભાઇ ગુજરી ગયા છે. મારી પત્નિ નીરૂ દોઢેક મહિનાથી નજીકમાં વેલનાથપરામાં જ માવતરે રીસામણે છે. મારે બાર વર્ષનો દિકરો છે તે પણ પત્નિ સાથે રહે છે.





સોમવારે રાતે સાડા નવેક વાગ્યાની આસપાસ હું કોઠારીયા રોડ રણુજા મંદિર સામે આવેલ બાઘેશ્વરી બાલાજી હનુમાનના મંદિર પાસે આવેલ કોમ્પલેક્ષ પાસે રાતે સાડા નવેક વાગ્યે ધાબળો ઓઢીને સુતો હતો.

ત્યારે ત્યાં મારી પત્નિ નીરૂ તથા સાસુ નાનુબેન અને મારો સાળો દેવો એમ આ ત્રણેય આવ્યા હતાં. દેવાએ આવીને ધાબળો ખેંચી મને જગાડીને સીધો જ મારો કાઠલો પકડી લીધેલ અને તું કેમ મારી સગાઈ થવા દેતો નથી અને મારી બહેન સાથે ઝઘડો કરે છે? એમ કહી મને જેમ ફાવે તેમ ગાળો દેવા માંડ્યો હતો. આ વખતે ઝરમર-ઝરમર વરસાદ પણ ચાલુ હતો. આ પછી મારા સાસુ અને પત્નિએ પણ ગાળો દઇ ઢીકાપાટુ માર્યા હતાં. આ દરમિયાન મારા સાળાએ ફોન કરી મારા સસરા ધીરૂભાઇને બોલાવતાં તે સીએનજી રિક્ષા લઇને આવ્યા હતાં.

તેણે રિક્ષામાંથી બે લાકડાના ધોકા કાઢી મારી પત્નિને એક આપ્યો હતો. આ પછી પત્નિ અને સસરા બંનેએ મળીને મને આડેધડ ધોકાથી ફટકાર્યો હતો. જેમાં એક ઘા ડાબા હાથ ઉપર લાગી જતાં હું નીચે પડીગયો હતો. દેકારો થતાં માણસો ભેગા થવા લાગતા આ બધા ત્યાંથી ભાગી ગયા હતાં. ત્યારબાદ હું સિવિલ હોસ્પિટલમાં દાખલ થયો હતો. અહિ તબિબે નિદાન એક્સરે કર્યા બાદ હાથમાં ફ્રેકચર હોવાનું જણાયું હતું.

આ હુમલાનું કારણ એવુ છે કે મારી પત્નિ છેલ્લા દોઢ મહિનાથી રીસામણે હોઇ અને તેના ભાઈની સગાઈ થતી ન હોઇ તેની સગાઇ હું થવા દેતો નથી તેવુ તેને લાગતું હોઇ ખાર રાખી મારા પર હુમલો કરાયો હતો. અશોકભાઇએ એવો પણ આક્ષેપ કર્યો હતો કે મને ઘરમાંથી પણ કાઢી મુકાયો હોઇ આ કારણે હું મંદિર પાસે સુતો હતો. આજીડેમ પોલીસ સ્ટેશનના ઇન્સપેકટર એચ. એન. પટેલના માર્ગદર્શનમાં આસી સબ ઇન્સ. અશોકભાઇ કલાલે એફઆઇઆર દાખલ કરી હતી અને આરોપીઓને ઝડપી લેવા તજવીજ હાથ ધરી હતી. આમ દંપતિ વચ્ચેનો ડખ્ખો પતિના હાથ ભાંગવા સુધી અને પોલીસ ફરિયાદ સુધી પહોંચી ગયો હતો.

### જરૂરીયાતમંદોને પણ અમુક જાણીતા આપી જતાં હોય છે ઠગાઇનો ડામ

# યુવાને ગીરવે મુકેલા દાગીના ને રોકડ ગુમાવ્યા

## બહેનના લગ્ન માટે મુકેલા દાગીના છોડાવી આપવાના નામે પરીચીતે ખેલ પાડ્યોઃ રોકડા ખાઇ ગયો ને દાગીના છોડાવી બારોબાર બીજે ગીરવે મુકી રોકડા કરી લીધાઃ યુનિવર્સિટી પોલીસે દાખલ કરી ફરિયાદ

રાજકોટ તા. ૧૫

અમુક લેભાગુઓ કોઇપણ રીતે બીજા લોકોને છેતરીને પોતાના ગજવા ભરી લેવામાં માહેર હોય છે. આવા કિસ્સા રોજબરોજ સામે આવતા રહે છે. આ વચ્ચે ઠગાઇનો વધુ એક બનાવ સામે આવ્યોહ તો. જેમાં શહેરમાં દોઢસો ફુટ રીંગ રોડ પર શીતલ પાર્ક પાસે રહેતાં યુવાનને ગીરવે મુકેલા સોનાના દાગીના છોડાવી આપવાના નામે અને હોમ લોન અપાવવા નામે છેતરી લેવાયો હતો. રૂ. ૩.૯૦ લાખ રોકડા તેમજ આશરે રૂ. ૨.૯૦ લાખની કિંમતના ૭૩.૫ ગ્રામ સોનાના દાગીના એક શખ્સ પચાવી ગયો હતો. જરૂરીયાત મંદ યુવાન અને તેના પરિવારે દાગીના સાથે રોકડ પણ ગુમાવી હતી.

વ્ગિતો પર નજર કરીએ તો આ બનાવમાં યુનિવર્સિટી પોલીસે ૧૫૦ રીંગ રોડ પર સુખદેવ ટાઉનશીપ ડી-૬૦૫મા રહેતાં સિધ્ધરાજભાઇ પ્રકાશભાઇ સોલંકી નામના તેત્રીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી મુળ સોમનાથ પ્રાંચીમાં માધવરાય ૨૮ પર ઘંટીયા ફાટક પાસે રહેતાં અને હાલ રાજકોટ બસ સ્ટેશન પાસે વિનસ એપાર્ટમેન્ટ છઠ્ઠા માળે ૬૦૧માં રહેતાં વિજય જયસુખભાઇ સુચક વિરૂધ્ધ ઠગાઇનો ગુનો નોંધ્યો હતો. સિધ્ધરાજભાઇ સોલંકી પરિવાર સાથે રહે છે અને ઘરે માતાને પાપડના ધંધામાં મદદ કરે છે. તેણે ફરિયાદમાં જણાવ્યું છે કે ડિસેમ્બર ૨૦૨૫માં તેમની બહેનના લગ્ન માટે પરિવાર પાસે રહેલું ૭૩.૫ ગ્રામ સોનુ જેમાં સોનાનો પેન્ડલ સેટ, મંગળસૂત્ર, કાનની બુટ્ટી, વીંટી વગેરે સામેલ હતા તે મુથુટ ફાઇનાન્સમાં ૨.૯૦,૦૦૦માં ગીરવે મુક્યું હતું.



ત્યારબાદ આ સોનું છોડાવવા માટે નાણાંની જરૂરિયાત ભી થતાં, પરિચિતો મારફતે વિજય સુચકનો સંપર્ક થયો હતો. વિજયે પરિવારને એવું આશ્વાસન આપ્યું હતું કે તે મુથુટ ફાઇનાન્સમાંથી સોનું પોતાના પૈસે છોડાવી આપશે અને બદલામાં ફરિયાદીના લક્ષ્મીનગર ખાતે આવેલા મકાન પર મોટી હોમ લોન પાસ કરાવી આપશે.વિજય સુચકે પરિવારને વિશ્વાસમાં લઈ આઈ.કે.એફ. ફાઈનાન્સમાંથી રૂપિયા ૧૨,૦૦૦,૦૦૦ની મોર્ગેજ હોમ લોન સિધ્ધરાજભાઇના માતા નયનાબેન સોલંકીના નામે પાસ કરાવી હતી. આ લોનની રકમ ડિસેમ્બર ૨૦૨૫માં બેંક ઓફ બરોડાના ખાતામાં જમા થઈ હતી. લોન પાસ થતાં જ વિજય સુચકે ગીરો સોનું છોડાવવાનો ખર્ચ, કમિશન અને અન્ય ચાર્જ બતાવી ફરિયાદી પાસેથી રૂ. ૩,૫૦,૦૦૦ રોકડા મેળવી લીધા હતો

બાદમાં સોનું સાંજે પરત આપી દેવાની ખાતરી આપી હતી. ત્યારબાદ વિજય સુચકે લોનના હપ્તા ઓછા કરવાના અને વ્યાજ બચાવવાના બહાને સિધ્ધરાજભાઇના માતા નયનાબેન પાસે કોરા ચેક પર સહીઓ કરાવી લીધી હતી. ત્યારબાદ સિધ્ધરાજભાઇની જાણ બહાર બેંક ઓફ બરોડા ગોંડલ રોડ શાખામાંથી આરટીજીએસ મારફતે રૂપિયા ૩,૯૦,૦૦૦ની રકમ પોતાના અંગત ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધી હતી. લાંબો સમય વિતવા છતાં વિજયે સોનું પરત ન આપતાં અને ગલ્લા-તલ્લાં કરતા સિધ્ધરાજભાઇએ તપાસ કરી હતી. બાદમાં તેને જાણવા મળ્યું હતુ કે વિજય સુચકે મુથુટમાંથી છોડાવેલું ૭૩.૫ ગ્રામ સોનું પરિવારને આપવાને બદલે અન્ય જગ્યાએ ગીરવે મૂકીને રોકડ રકમ મેળવી લીધી છે અને વ્યાજના હપ્તા પણ ભરતો નથી. આથી તેણે છેતરપીંડી કર્યાની ખબર પડી હતી. સોનુ અને રોકડ રકમ તે પરત આપતો ન હોઇ ફરિયાદ કરી હતી. યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના ઇન્સપેક્ટર કે. કે. ગોહિલના માર્ગદર્શનમાં પીએસઆઇ આર. એમ. સાખરાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

### વયોવૃધ્ધ જ નહિ યુવાનો પણ બની રહ્યા છે હૃદય રોગના હુમલાનો ભોગ: એક કરૂણ ઘટના

# બ્રાંચ મેનેજરનું ઓફિસમાં બેસી ગયું હૃદય

### યુવાન દિકરો ગુમાવતાં ગોહિલ પરિવારમા ગમગીની: કેકેવી ચોક પાસે એસબીઆઇ જનરલ ઇન્સ્યુરન્સ કચેરીમાં બનાવ: બીજી ઘટનામાં એક વૃધ્ધનું બેભાન હાલતમાં મૃત્યુ: અન્ય બે બનાવમાં યુવાનને માતાએ પૈસા ન દેતાં ફાંસો ખાધો, યુવતિને જીવવું ન હોઇ એસિડ પીધું: બંનેનો જીવ બચી ગયો

રાજકોટ, તા. ૧૫

અપમૃત્યુની ઘટનાઓ જે તે પરિવારના સ્વજનોને કારમો આઘાત આપી જતી હોય છે. વધુ આવા બનાવ બનયા હતાં. જેમાં એક આડત્રીસ વર્ષના બ્રાંચ મેનેજર યુવાનનું ઓફિસમાં જ હૃદય રોગનો હુમલો આવી જતાં મૃત્યુ થઇ જતાં અરેરાટી વ્યાપી ગઇ છે. બીજા બનાવમાં એક વૃધ્ધ ઘરે બેભાન થઇ ગયા બાદ જિંદગીનો અંત આવી ગયો હતો. અન્ય બે કિસ્સામાં એક યુવાને માતા પાસે વાપરવાના પૈસા માંગતા માતાએ કમાઇને પૈસા લઇ આવવાનું કહેતાં વેણ આકરા લાગતાં ગળાફાંસો ખાઇ લીધો હતો. પણ જીવ બચી ગયો હતો. બીજા બનાવમાં એક યુવતિએ હવે જીવવું નથી એવુ રટણ કરી એસિડ પી લેતાં સારવાર માટે ખસેડાઇ હતી.

પ્રથમ કરૂણ ઘટના જોઇએ તો હૃદય રોગના હુમલા માત્ર વયોવૃધ્ધને જ આવે એવુ નથી. યુવાનો પણ આવા કારણોસર મૃત્યુને ભેટી રહ્યા છે. વધુ એક બનાવમાં એક પરિવારના યુવાન આધારસ્તંભનું હૃદય બંધ પડી જવાથી મૃત્યુ થતાં અરેરાટી વ્યાપી ગઇ છે. રેલનગરમાં રહેતાં આડત્રીસ વર્ષિય યુવાન કેકેવી હોલ નજીક એસબીઆઇ જનરલ ઇન્સ્યુરન્સ ઓફિસ ખાતે બ્રાંચ મેનેજરની ફરજ પર હતાં ત્યારે છાતીમાં દુ:ખાવો શરૂ થયા બાદ સારવારમાં ખસેડાતાં મૃત્યુ થયું હતું. માહિતી અનુસાર જામનગર રોડ પર સત્યમ્ શિવમ્ સુંદરમ્ સોસાયટી ખાતે રહેતાં આડત્રીસ વર્ષના હિતેન્દ્રસિંહ મહાવીરસિંહ ગોહિલ સાંજે સાડા સાતેક વાગ્યે કેકેવી હોલ ચોક પાસે બીઝનેસ એવન્યુ-૩ ખાતે એસબીઆઇ જનરલ ઇન્સ્યુરન્સની ઓફિસ ખાતે હતાં.

આ વખતે તેમને અચાનક છાતીમાં દુ:ખાવો શરૂ થતાં સાથી કર્મચારીઓએ તુરત જ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યા હતાં. ત્યાંથી બેભાન હાલતમાં વધુ સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. હિતેન્દ્રસિંહ બે ભાઇ અને બે બહેનમાં નાના હતાં. સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. તેઓ મુળ ભાવનગરના ઘોઘા તાલુકાના બાડી ગામના વતની હતાં. એસબીઆઇ જનરલ ઇન્સ્યુરન્સમાં તેઓ બ્રાંચ મેનેજર તરીકે ફરજ



બજાવતાં હતાં. આ બનાવથી ગોહિલ પરિવાર અને સાથી અધિકારીઓ, કર્મચારીઓમાં ગમગીની



વ્યાપી ગઇ છે. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે તાલુકા પોલીસને કરતાં જરૂરી કાર્યવાહી કરી મૃત્યુનું ચોક્કસ કારણ જાણવા પોસ્ટમોર્ટમ કરાવાયું હતું.

અપમૃત્યુની અન્ય ઘટના જોઇએ તો જામનગર રોડ ઘંટેશ્વર જલારામ ફૂડ કોર્ટ નજીક રહેતાં શશીકાંતભાઇ હરજીવનદાસ અગ્રાવત નામના ત્રેસઠ વર્ષના વૃધ્ધ ઘરે હતા ત્યારે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ ટુંકી સારવાર બાદ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇગયો હતો. મૃત્યુ પામનાર શશીકાંતભાઇ છ બહેન અને ચાર ભાઇમાં વચેટ હતાં. સંતાનમાં બે દિકરા છે. તેમને કમરનો દુ:ખાવો રહેતો હતો. યુનિવર્સિટી પોલીસે મૃત્યુનું ચોક્કસ કારણ જાણવા મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

અન્ય બે કિસ્સામાં એક યુવાન અને એક યુવતિએ અલગ અલગ કારણે આપઘાતનો પ્રયાસ કર્યો હતો. પરંતુ જીવ બચી ગયો હતો. શહેરના કોઠારીયા રોડ પર ઘનશ્યામનગરમાં રહેતાં વિપુલભાઇ લક્ષ્મણભાઇ મકવાણા નામના ત્રીસ વર્ષના યુવાને સાંજે સાડી બાંધી ગળાફાંસો ખાઇ લેવા પ્રયાસ કરતાં તેના માતા કાંતાબેન જોઇ જતાં દેકારો મચાવતાં પરિવારના બીજા સભ્યો દોડી આવ્યા હતાં અને વિપુલભાઇને નીચે ઉતારી સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડતાં જીવ બચી ગયો હતો.

બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે ભક્તિનગર પોલીસને કરી હતી. વિપુલભાઇ રિક્ષા હંકારી ગુજરાન ચલાવે છે અને એક બહેનથી નાનો છે. તેના અગાઉ છુટાછેડા થઇ ગયા છે. તેણે માતા પાસેથી પૈસા માંગતા માતાએ કામે જઇ પૈસા કમાવવા ટકોર કરતાં માઠુ લાગતાં આ પગલુ ભર્યુ હતું. સારવાર બાદ રજા અપાઇ હતી.

બીજી આવી ઘટનામાં રૈયા રોડ ગોપાલ ચોક આવાસ ક્વાર્ટરમાં રહેતી બાવીસ વર્ષની સેજલ નામની યુવતિએ એસિડ પી આપઘાતનો પ્રયાસ કરતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે યુનિવર્સિટી પોલીસને જાણ કરી હતી. તેણી બે ભાઇ ની એકની એક મોટી બહેન છે અને સગપણ નક્કી થઇ ગયું છે. પિતા સફાઇ કામ કરે છે. તેણીએ હવે પોતાને જીવવું નથી તેવુ રટણ કર્યા બાદ આ પગલુ ભર્યુ હતું. પોલીસે નિવેદન નોંધવા તજવીજ હાથ ધરી હતી.

### રાતે પાડોશીના ઘરે મોબાઇલમાં ફિલ્મ જોવાનું કહીને ગયેલી દિકરી સવારે ગામબ થઇ ગઇ

# ગૂમ થયેલી દિકરીનો પિતાને ફોન હું ટ્રેનમાં છું, પછી ફોન કરીશ!

### શહેરમાંથી સગીરાઓ ગૂમ થવાના વધી ગયેલા કિસ્સા વચ્ચે વધુ એક બનાવ તાલુકા પોલીસે અપહરણનો ગુનો દાખલ કરી તપાસનો ધમધમાટ શરૂ કર્યો

રાજકોટ તા. ૧૫

શહેરમાંથી અવાર-નવાર સગીર વયની બાળાઓ ગૂમ થઇ જાય છે. આવા કિસ્સામાં પોલીસ તુરત જ અપહરણનો ગુનો નોંધી તપાસ હાથ ધરતી હોય છે. વધુ એક આવો કિસ્સો સામે આવ્યો હતો. જેમાં એક સોળ વર્ષની બાળા પાડોશીના ઘરે રાતે મોબાઇલ ફોનમાં ફિલ્મ જોવા માટે ગઇ હતી. જો કે સવારે તે ગાયબ હતી. પરિવારજનોએ આકુળ વ્યાકુળ થઇ તપાસ શરૂ કરી હતી ત્યાં આ બાળાએ પિતાને કોઇ અજાણ્યા ફોનમાંથી ફોન કરીને કહ્યું હતું કે હું ટ્રેનમાં છું, પછી ફોન કરીશ. આટલુ કહી ફોન કાપી નાંખતા પરિવારે પોલીસને જાણ કરી હતી.

વિગતો પર નજર કરીએ તો શહેરના એંસી ફૂટ રોડ પર વાવડી વિસ્તારમાં રહેતો પરપ્રાંતિય પરિવારની સોળ વર્ષ આઠ મહિનાની ઉમર ધરાવતી દિકરી પાડોશી મહિલાના ઘરે રાતે મોબાઇલ ફોનમાં ફિલ્મ જોવા ગયા બાદ ગૂમ થઇ જતાં શોધખોળ શરૂ કરાઇ હતી. દરમિયાન




તેણીએ પિતાને ફોન કરી હું ઓરિસ્સા જાઉ છું ટ્રેનમાં છું પછી ફોન કરીશ કહી ફોન કટ કરી નાંખતાં પોલીસને જાણ કરવામાં આવતાં તપાસ શરૂ થઇ હતી. આ બનાવમાં તાલુકા પોલીસે ગૂમ થયેલી બાળાના પિતાની ફરિયાદને આધારે અપહરણનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુ માહિતી અનુસાર ફરિયાદી મુળ ઓરિસ્સાના વતની છે અને હાલ રાજકોટ રહી મજૂરી કરે છે. તેને ચાર સંતાન છે. જેમાં મોટી સોળ વર્ષ અને આઠ મહિનાની છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ ગત તારીખ પાંચમીના રોજ રાત્રે જમીને પરિવારજનો સુઈ ગયા હતા. જ્યારે સોળ વર્ષ આઠ મહિનાની ઉમર ધરાવતી દિકરી બાજુમાં રહેતા મહિલા સાથે ઘરમાં મોબાઈલમાં ફિલ્મ જોતી હતી. સવારે પાંચ વાગ્યે જોતાં તેણી ઘરમાં ન મળી આવતા તપાસ શરૂ કરાઈ હતી. પડોશી મહિલાએ કહ્યું હતું કે રાત્રે બાર વાગ્યા સુધી સાથે ફિલ્મ જોતા હતા અને ત્યારબાદ સુઈ ગયા હતા.

આજુબાજુમાં શોધખોળ કરવા છતાં દિકરીનો કોઈ પત્તો લાગ્યો નહોતો. દરમિયાન તારીખ સાતમીના રોજ પિતાના ફોન પર એક અજાણ્યા મો નંબર પરથી કૉલ આવ્યો હતો. સામેથી ગૂમ દિકરીએ હું ટ્રેનમાં છું અને ઓરિસ્સા જાવ છું, તમને પછી ફોન કરીશ. એટલું કહીને તુરંત ફોન કાપી નાખ્યો હતો. પરિવારજનોએ પોતાના વતન ઓરિસ્સા ખાતે સસરાના ઘરે તેમજ સગા-સંબંધિઓમાં તપાસ કરી હતી, પરંતુ દિકરી ત્યાં પણ પહોંચી નહોતી. જેથી કોઈ અજાણ્યો શખ્સ તેને લલચાવી-ફોસલાવીને વાલીપણામાંથી ભગાડી ગયો હોવાની શંકા સાથે પોલીસમાં જાણ કરી હતી. તેણી ગૂમ થઇ ત્યાર સફેદ ટી-શર્ટ અને સફેદ નાઇટ પેન્ટ પહેરેલા હતાં. તાલુકા પીઆઇ એસ. આર. મેઘાણીના માર્ગદર્શનમાં એએસઆઇ ડી. સી. જોષીએ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

# પ્રેમ પ્રકરણ : યુવાનની કારને ટક્કર મારી હુમલો: ખૂનની ધમકી પણ દીધી

### ભવાનીનગરના યુવાનની પુર્વ પત્નિના હાલના પ્રેમી સહિતે માથાકુટ કરતાં આજીડેમ પોલીસે એફઆઇઆર દાખલ કરી

રાજકોટ તા. ૧૫

જુના મનદુ:ખ અને પ્રેમ પ્રકરણને કારણે મારામારીના બનાવો અવાર-ન્વાર બનતા રહે છે. આવી જ એક ઘટના સામે આવી હતી. જેમાં ગીર સોમનાથથી પોતાના પરિવાર સાથે રાજકોટ પરત આવી રહેલા રામનાથપરા ભવાનીનગરના યુવાનની કારનો ફિલ્મી ઢબે પીછો કરી અકસ્માત સર્જીને માર મારવાની અને જાનથી મારી નાખવાની ધમકી આપવાની ઘટના પોલીસ ચોપડે ચડી છે. યુવાને જેને દોઢ વર્ષ પહેલા છુટાછેડા આપ્યા હતાં તે યુવતિ હાલમાં જેની સાથે પ્રેમસંબંધ ધરાવે છે એ શખ્સે ખાર રાખી આ હુમલો કર્યાનું ખુલ્યું હતું. આ બનાવમાં આજીડેમ પોલીસે રામનાથપરા ભવાનીનગર મેઇન રોડ પર રામાપીરના મંદિર પાસે રહેતાં વિક્કીભાઇ અશોકભાઇ ચાવડા નામના સત્યાવીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી ઇમરાન ઉર્ફે પપ્પુ, મિલન ઉર્ફે લલીયો અને અજાણ્યા સામે ગુનો નોંધ્યો હતો.

વિક્કીભાઇ પરિવાર સાથે રહે છે અને કોઠારીયા સોલવન્ટ પાસે લપ્ટવેલ હાઇડ્રોલીક નામના કારખાનામાં મેનેજર તરીકે નોકરી કરે છે. તેણે ફરિયાદમાં જણાવ્યા મુજબ



છઠ્ઠી તારીખના રોજ રાત્રિના આશરે બે વાગ્યાના સુમારે તેઓ તેમની સ્વિટ કાર લઈને પત્નિ જલ્પાબેન, નાનો ભાઈ વિવેક અને સબંધી જમનાબેન સાથે ગીર-જૂનાગઢથી રાજકોટ પરત આવી રહ્યા હતા. તે દરમિયાન રીબડા ગામ નજીકથી એક અજાણ્યા નંબરની સ્કોર્પિયો કારે તેમની કારનો પીછો કરવાનું શરૂ કર્યું હતું. સ્કોર્પિયો કારમાં જોતાં તેમાં મિલન ઉર્ફે લલીયો ગાડી ચલાવી રહ્યો હતો, જ્યારે તેની બાજુમાં ઈમરાન ઉર્ફે પપ્પુ બેઠેલો હતો. વિક્કીભાઇની કાર ગોંડલ ચોકડી ઓવરબ્રિજ પર પહોંચી કે તરત જ સ્કોર્પિયો કારના ડ્રાઈવર તેની સ્વિટ કારને દબાવી હતી.

આના પરિણામે કાર બાજુમાંથી પસાર થઈ રહેલા ટ્રક સાથે અને ત્યારબાદ બ્રિજના ડિવાઈડર સાથે જોરદાર ધડાકાભેર ભટકાઈ હતી. અકસ્માત સર્જાયા બાદ સ્કોર્પિયો કારમાંથી અજાણ્યા શખ્સે નીચે ઉતરીને વિક્કીભાઈને કારમાંથી બહાર ખેંચી ક ઢીકાપાટુનો ઢોર માર માર્યો હતો. આ સમયે આસપાસથી લોકો એકઠા થઈ જતાં હુમલાખોરો જાનથી મારી નાખવાની ધમકી આપીને સ્થળ પરથી ભાગી છૂટ્યા હતા. આ પછી વિક્કીભાઇએ પોલીસને જાણ કરી હતી. પોલીસ તપાસમાં ખુલ્યા મુજબ વિક્કીભાઇએ દોઢ વર્ષ પહેલાં સપના વાઘેલાને છૂટાછેડા આપ્યા હતાં. હાલ સપનો ઈમરાન ઉર્ફે પપ્પુ સાથે પ્રેમસંબંધ હોઈ તેની સાથે રહે છે. આ બાબત ઈમરાનને વિક્કીભાઇ ઉપર ખાર હોઇ તેના કારણે મનદુ:ખ રાખી કારથી પીછો કર્યો હતો અને હુમલો કરી ધમકી દીધી હતી. તેમજ અકસ્માત સર્જતા કારને નુકસાન પણ થયું હતું. આજીડેમ પીઆઇ એચ. એન. પટેલની રાહબરીમાં હેડકોન્સ. એ. એચ. ગોહિલે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. આમ જુના મનદુ:ખને કારણે નવો ડખ્ખો થયો હતો.

### મઢી ચોકની ઘટનાએ કાયદો-વ્યવસ્થાને અને પોલીસ પ્રશાસનને ખુલ્લેઆમ પડકાર ફેંક્યો

# ૨૪ કલાક ધંધા રોજગાર ચાલુ રાખવા કઇ રીતે?

### સરકારએ ૨૪ કલાક ધંધા-રોજગાર ખુલ્લા રાખવાના નિયમનો પુર્ણપણે અમલ કરાવતા પહેલા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની ગંભીરતાથી વિચારણા કરવી જરૂરી

રાજકોટ તા. ૧૫

ગુજરાત સરકારે રાજ્યમાં આર્થિક પ્વૃત્તિઓને વેગ આપવા અને રોજગારીના અવસરો વધારવાના હેતુથી ધંધા-રોજગાર ૨૪ કલાક ખુલ્લા રાખવાની છૂટછાટ જાહેર કરી છે. સરકારનો આ નિર્ણય વ્યાપારિક દ્રષ્ટિએ આવકારદાયક હોઈ શકે, પરંતુ વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આ નિર્ણયની વ્યાપક સમીક્ષા કરવી અત્યંત જરૂરી બની ગઈ છે. ૨૪ કલાકની છૂટછાટ વચ્ચે નાગરિકો, સ્ટાફ અને વેપારીઓની સુરક્ષા સામે મોટો પ્રૉર્થ ચીહન ઉભો થયો છે. રાજકોટના રૈયા રોડ હનુમાન મઢી ચોકમાં બનેલી ઘટનાએ સૌ વેપારીઓને રાતે વેપાર ધંધા કરવા કે કેમ? તે અંગે વિચારતા કરી દીધા છે. જેલમાંથી પેરોલ પર છુટેલો શખ્સ પોલીસનો ખાખીનો ડર જ ન હોય એ રીતે મેડીકલ સ્ટોરમાં ટોળકી સાથે ઘુસી તોડફોડ કરી ગૂંડાગીરી કરી ભાગી ગયો હતો. બેખોફ બનીને તેણે આચરેલી આ ગૂંડાગીરીના વાયરલ થયેલા વિડીયોએ રાજકોટ પોલીસની આબરૂને ડાઘ લગાડ્યો હોવાનું શહેરીજનો કહે છે.

રાજકોટના મઢી ચોક વિસ્તારમાં આવેલા એક મેડિકલ સ્ટોરમાં રાત્રે ૯ વાગ્યા પછી અમુક અસામાજિક તત્વો દ્વારા નજીવી બાબતે તોડફોડ કરવામાં આવી હતી. આ અસામાજિક તત્વોએ માત્ર દુકાનમાં નુકસાન પહોંચાડ્યું એટલું જ નહીં, પણ કાયદો-વ્યવસ્થાને અને પોલીસ પ્રશાસનને ખુલ્લેઆમ પડકાર ફેંક્યો હતો. જો ઈમરજન્સી અને આવશ્યક સેવામાં આવતા મેડિકલ સ્ટોર જેવી જગ્યાએ પણ રાત્રિના સમયે આવી ઘટના બનતી હોય, તો આખી રાત તમામ ધંધા-રોજગાર ચાલુ રહેશે ત્યારે સુરક્ષાની શું ખાતરી?

પોલીસનું ક્વિક રિસ્પોન્સ જો અડધી રાત્રે કોઈ






જગ્યાએ આવી કોઈ અપ્બિરય ઘટના કે હુમલો થાય, તો શું પોલીસ ગણતરીની ૫ થી ૭ મિનિટમાં સ્થળ પર પહોંચીને નાગરિકોનું રક્ષણ કરી શકશે? નાઇટ પેટ્રોલિંગ અને ધાક હોય તો જ વેપારીઓ રાતે ધંધો કરી શકે. શું પોલીસ તંત્ર પોતાનું રાત્રિ પેટ્રોલિંગ એટલું સઘન બનાવશે કે અસામાજિક તત્વોમાં કાયદાનો ભય અને ધાક ભી થાય?

સ્ટાફ અને ગ્રાહકોની સુરક્ષૉર૪ કલાક ધંધો ચાલુ રાખવા માગતા વેપારીઓએ માત્ર નફાનો વિચાર કરવાને બદલે પોતાના કર્મચારીઓ, નાઇટ શિટમાં કામ કરતી મહિલાઓ અને આવતા ગ્રાહકોની સિક્યુરિટી માટે શું આગોતરી વ્યવસ્થા કરી છે? સીસીટીવી અને ઇમરજન્સી એલાર્મ પણ જરૂરી છે. શું રાત્રે ધંધો કરતા વેપારીઓ માટે હાઇ-ડેફિનેશન સીસીટીવી કેમેરા, સિક્યોરિટી ગાર્ડ અને પોલીસ કંટ્રોલ રૂમ સાથે સીધા જોડાયેલા ઇમરજન્સી બઝર રાખવા ફરજિયાત કરવામાં આવશે?

વેપાર-ઉદ્યોગ વધારવો જરૂરી છે, પરંતુ મોડી રાત્રે રોડ-રસ્તા પર રખડતા પીધેલાઓ, નશાખોરો અને અસામાજિક તત્વો સામે કડક પગલાં લેવા પણ એટલા જ જરૂરી છે. નહિતર રાત્રિના સમયે સામાન્ય નાગરિક કે વેપારી માટે ઘરની બહાર નીકળવું પણ જોખમી બની જશે.

સરકારએ ૨૪ કલાક ધંધા-રોજગાર ખુલ્લા રાખવાના નિયમનો પૂર્ણપણે અમલ કરાવતા પહેલા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની ગંભીરતાથી વિચારણા કરવી જરૂરી છે. માત્ર છૂટછાટ આપી દેવાથી વિકાસ નહીં થાય, પરંતુ તે છૂટછાટ સાથે સુરક્ષિત વાતાવરણ અને મજબૂત પોલીસ બંદોબસ્ત પૂરો પાડવો એ પણ પ્રશાસનની પ્રાથમિક જવાબદારી છે. તેવુ જાગૃત નાગરીકો વેપારીઓનું માનવું છે.

### સાયબર ગઠીયાઓ એક ભુલો ત્યાં બીજો તુક્કો લાવી કરી લે છે છેતરપીંડી

# OTP મોકલી એપ હેક કરી નાણા ઉસેડ્યા

## યુવાનની ફોનપે એપ મારફત ત્રણ લાખ બત્રીસ હજાર ઉપડી ગયા: બીજા કિસ્સામાં કુરીયર ફ્રેન્ચાઇઝી આપવાના નામે ત્રણ લાખનો ચૂનો લગાવાયો

રાજકોટ, તા.,૧૫

ઓનલાઇન છેતરપીંડીના અનેકાનેક નીતનવા કિસ્સાઓમાં સતત વધારો થયો છે. વધુ આવા બે કિસ્સા જોઇએ તો એ ક બનામમાં વેપારીના મોબાઇલ નંબર પર વારંવાર ઓટીપી મોકલી તેનો દુરૂપયોગ કરી તેના આધારે ગઠીયાએ રકમ ટ્રાન્સફર કરીલીધી હતી. બીજી તરફ ઓનલાઇન કુરીયર ફ્રેન્ચાઇઝી અપાવવાના નામે એક યુવાનના ત્રણ લાખ ગઠીયા લઇ ગયા હતાં.

પ્રથમ ઘટના જોઇએ તો માણસા શહેરમાં સાયબર છેતરપિંડીનો એક બનાવ સામે આવ્યો છે. એક અજાણ્યા શખ્સે વેપારીના મોબાઈલ પર વારંવાર ઓટીપી મોકલી તેનો દુરુપયોગ કર્યો. તેણે ફોનપે એપ્લિકેશન દ્વારા અલગ-અલગ જગ્યાએથી કુલ ૩,૩૨,૯૨૬.૪૯ ટ્રાન્સફર કરી લીધા હોવાની ફરિયાદ પોલીસમાં નોંધાવાઈ હતી. વધુ માહિતી અનુસાર માણસામાં ઉમિયા મોબાઈલ નામે વેપાર કરતા રોનકકુમાર ડાહ્યાભાઈ ચૌધરીએ પોલીસને ફરિયાદ આપી છે. તેઓ પરિવાર સાથે માણસામાં રહે છે અને તેમનું બેંક ઓફ બરોડા, માણસા શાખામાં સેવિંગ બેંક એકાઉન્ટ છે.

વધુ માહિતી અનુસાર તેમના મોબાઈલ નંબર પર અલગ-અલગ બ્વ્ભ આવવાના શરૂ થયા હતા. શરૂઆતમાં તેમણે વિચાર્યું કે કોઈ મિત્ર મજાક કરી રહ્યો છે, તેથી તેમણે ખાસ ધ્યાન ન આપ્યું. બીજા દિવસે મિત્ર વર્તુળમાં તપાસ કરતા કોઈ મિત્રે બ્વ્ભ મોકલ્યા ન હોવાનું જાણવા મળ્યું. ત્યારબાદ ફરીથી અલગ-અલગ મેસેજમાં બ્વ્ભ આવવા લાગ્યા. તે સમયે બેંકમાંથી કોઈ રકમ કપાઈ હોવાનો મેસેજ ન આવતા તેમણે ફરી ધ્યાન ન આપ્યું. આ પછી સતત જુદા-જુદા બ્વ્ભ અને મેસેજ આવતા રહ્યા. ત્યારબાદ ફરિયાદીએ બધા મેસેજ તપાસતા તેમા ફોન પે સંબંધિત મેસેજ હોવાનું ધ્યાનમાં આવ્યું. ફોનપે એપ્લિકેશન ખોલવાનોપ્રયાસ કરતા એપ્લિકેશન ચાલુ થઇ નહોતી




આ પછી તેમણે પોતાના મોબાઈલ નંબરથી બ્વ્ભ મેળવી ફરી ફોનપે એપ્લિકેશન શરૂ કરી. તેની હિસ્ટ્રી તપાસતા ચોંકાવનારી વાત સામે આવી હતી. તેમનાફોનપે એકાઉન્ટમાંથી જુદી-જુદી જગ્યાએ કુલ ૩,૩૨,૯૨૬.૪૯ ટ્રાન્સફર કરી લેવામાં આવ્યા હતા. આ બનાવ અંગે ફરિયાદીએ અગાઉ ઓનલાઈન ફરિયાદ પણ કરી હતી. ત્યારબાદ પોલીસ તરફથી ફરિયાદ નોંધાવવા માટે ફોન આવતા તેમણે માણસા પોલીસ સમક્ષ સમગ્ર બનાવ અંગે ફરિયાદ નોંધાવી હતી. આમ અજાણ્યા શખ્સે મોબાઈલ અને ફોનપે એપ્લિકેશનનો દુરુપયોગ કરી અલગ-અલગ જગ્યાએ રકમ ટ્રાન્સફર કરીને છેતરપિંડી કરી છે. પોલીસે ફરિયાદના આધારે સમગ્ર મામલે તપાસ શરૂ કરી છે. આ સાયબર છેતરપિંડીમાં રકમ કયા ખાતાઓમાં ટ્રાન્સફર થઈ, કોણે ઓટીપીનો દુરુપયોગ કર્યો અને આ કૌભાંડ પાછળ કોણ છે તે અંગે તપાસ આગળ ધપાવાઇ હતી.

બીજી ઠગાઇ જોઇએ તો અમરેલી શહેરમાં શેડોફેક્સ કુરિયર ફ્રેન્ચાઇઝી અપાવવાની લાલચ આપી અલગ અલગ રીતે પેમેન્ટ કરાવી ૧૯ વર્ષીય યુવક સાથે ઓનલાઈન છેતરપિંડી થયાનો બનાવ સામે આવ્યા હતો. અમરેલી લાઠી રોડ પર ગંગાવિહાર સોસાયટીમાં રહેતા અને અભ્યાસ કરતા નિહારપરી સુરેશપરી ગોસાઇ નામના ઓગણીસ વર્ષના યુવાન સાથે શહેરની જુદી-જુદી જગ્યાએ દરમિયાન આ છેતરપિંડી આચરાઈ હતી. ફરિયાદ મુજબ અજાણ્યા બે અલગ અલગ મોબાઇલ નંબર તેમજ સોશિયલ મીડિયા ઈ-મેઇલ આઈડી ધારક શખ્સે પોતે શેડોફેક્સ કુરિયર ફ્રેન્ચાઇઝીનો મેનેજર હોવાનું જણાવી યુવકને ફ્રેન્ચાઇઝી અપાવવાની લાલચ આપી હતી.

આ પછી અલગ-અલગ કારણોસર યુવક પાસેથી કુલ આઠ વખત પેમેન્ટ કરાવવામાં આવ્યા હોય, જેમાં એસબીઆઈના ખાતામાં ૧,૯૬,૩૯૫ અને કેનરા બેંકના ખાતામાં ૧,૧૧,૩૨૫ મળી કુલ રૂપિયા ૩,૦૭,૭૨૦ ઓનલાઈન ટ્રાન્સફર કરાવવામાં આવ્યા હતા. શખ્સોએ ફ્રેન્ચાઇઝી અપાવવાના નામે વિશ્વાસમાં લઈ યુવક પાસેથી રકમ પડાવી લેતા યુવક છેતરપિંડીનો ભોગ બન્યો હતો. બનાવ અંગે મોબાઇલ આઈડી અને બેંક એકાઉન્ટ ધારક શખ્સ સામે ગુન્હો નોંધી અમરેલી પોલીસે સમગ્ર મામલે આગળની તપાસ હાથ ધરી હતી.

### સાયબર ગઠીયાઓએ વધુ બે ખેલ પાડ્યા: એક મહિલા-વેપારી ભોગ બન્યા

# વિદેશી તબિબના નામે મહિલા સાથે મિત્ર કરી લાખો પડાવ્યા

## બીજા બનાવમાં શેર બજારમાં રોકાણ પર નફાના નામે વેપારીના એક કરોડ ગઠીયાઓએ પડાવી લીધા



રાજકોટ તા. ૧૫

અલગ અલગ રીતે થઇ રહેલી ઠગાઇમાં વધુ બે ચોંકાવનારા કિસ્સા સામે આવ્યા હતાં. જેમાં એક મહિલા કર્મચારી કે જે ઇલેક્ટ્રીક ઇન્સપેક્ટર કચેરીમાં જુનિયર આસીસ્ટન્ટ તરીકે ફરજ બજાવે છે તેણીને વિદેશી ગઠીયાઓ પોતાની ઓળખ ડોકટર તરીકે આપી મીઠી વાતોમાં ફસાવી સત્તર લાખ પડાવી લીધા હતાં. બીજા કિસ્સામાં એક વેપારી સાથે એક કરોડથી વધુની રકમની છેતરપીંડી થઇ હતી.

પ્રથમ ઘટના જોઇએ તો વડોદરા જિલ્લામાં સાયબર ફ્રોડના બે ચોંકાવનારા કિસ્સા સામે આવ્યા છે, જેમાં ભાયલી કેનાલ રોડ વિસ્તારમાં રહેતી અને ઇલેક્ટ્રિકલ ઇન્સ્પેક્ટર કચેરીમાં જુનિયર આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતી મહિલા કર્મચારી ઈન્સ્ટાગ્રામ પર વિદેશી તબીબની મીઠી વાતોમાં ફસાઈ ગઈ હતી. લુકાસ નાથન નામના પ્રોફાઇલથી ક્રુઝ લાઇનના નેવલ સર્જન તરીકે ઓળખ આપનાર ઠગે દીકરી અને માતાની સારવાર, ફ્રીઝ થયેલું બેંક એકાઉન્ટ અનફ્રીઝ કરાવવા તેમજ વકીલની ફી જેવા વિવિધ બહાનાં બતાવી મહિલા પાસેથી ટુકડે-ટુકડે કુલ રૂ.૧૬.૯૯ લાખ પડાવી લીધા હતા.

બાદમાં ફોટા ગૂગલ પર સર્ચ કરતા પ્રોફાઇલ ફેક હોવાનું જણાતા તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. આ જ પ્રકારના સાયબર ઠગાઈના બીજા કિસ્સામાં સેવાસી વિસ્તારમાં રહેતા સાડત્રીસ વર્ષીય શેરબજારના વેપારી વિપુલભાઈ મકવાણાને અજાણ્યા શખ્સે ફોન કરી અગાઉ થયેલું રૂ.૭ લાખનું નુકસાન રિકવર કરી આપવાની લાલચ આપી હતી. ઠગોએ તેમને વોટ્સએપ ગ્રુપમાં જોડી એબીબોટ વેલ્થ મેનેજમેન્ટ નામની એપ ડાઉનલોડ કરાવી હતી અને પ્રિ આઇપીઓ તથા શેરબજારમાં રોકાણના બહાને રોજના ૧૦ થી ૨૫ ટકા નફાની લાલચ આપી હતી, જેનાથી લાલચમાં આવીને વેપારીએ અલગ-અલગ બેંક ખાતામાં કુલ રૂ.૧.૦૩ કરોડ ટ્રાન્સફર કરી દીધા હતા. આ પછી તેમને ઠગાઇ થયાની ખબર પડી હતી.

આ બંને કિસ્સાઓમાં જ્યારે ભોગ બનનારાઓએ પોતાના નાણાં કે નફાની રકમ પાછી મેળવવાનો પ્રયાસ કર્યો ત્યારે ઠગોનો અસલી ચહેરો સામે આવ્યો હતો. મહિલા કર્મચારીએ પૈસા પરત માંગતા આરોપીએ વધુ રકમની માગણી કરી હતી, જ્યારે વેપારીની એપમાં નફો રૂ.૩ કરોડથી વધુ બતાવવા છતાં તે રકમ ઉપાડવા જતાં વધુ રૂપિયા માંગવામાં આવ્યા હતા, જેથી બંનેને પોતાની સાથે ઓનલાઇન છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થતાં પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આ બંને ગંભીર ગુનાઓની નોંધ લઈને વડોદરાની તાલુકા પોલીસે તાત્કાલિક કાયદેસરની તપાસ હાથ ધરી હતી.

પોલીસે ઓનલાઇન ઠગાઈ આચરનાર આરોપીઓ, નકલી ઇન્સ્ટાગ્રામ પ્રોફાઇલ ઓપરેટરો તેમજ ફ્રોડ ટ્રાન્ઝેક્શનમાં વપરાયેલા વિવિધ બેંક ખાતાઓના ધારકો વિરૂધ્ધ ગુના નોંધીને તેમને ઝડપી પાડવા માટે ટેકિન્કલ સર્વેલન્સ સહિતના ચક્રો ગતિમાન કર્યા હતાં. વર્તમાન સમયમાં સોશિયલ મીડિયા અને ઓનલાઇન ટ્રેડિંગ એપ્સના માધ્યમથી લોકોને ફસાવવાના કિસ્સાઓમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો હતો. અજાણ્યા વ્યક્તિઓની સોશિયલ મીડિયા પરની મીઠી વાતોમાં આવી જવું અથવા તો અતિશય નફાની લાલચ આપતી એપ્સમાં રોકાણ કરવું મોટું નાણાકીય જોખમ ભું કરી શકે છે, તેથી નાગરિકોએ સાવચેત રહેવું અત્યંત જરૂરી છે.

# પ્રોપર્ટીમાં રોકાણના નામે પોણા અગીયાર લાખ પડાવી લીધા

## છેતરપીંડી કરનારા ગમે તેવા તુક્કાઓનો ઉપયોગ કરી આચરે છે ઠગાઇ

## બીજા કિસ્સામાં નિવૃત પીઆઇના નામે ગઠીયો ગેરેજ સંચાલકને છેતરી ગયો

રાજકોટ તા. ૧૫

ઓનલાઇન છેતરપીંડીના વધુ વધુ એક બનાવમાં દુબઇ ખાતે નોકરી કરતાં મુળ ગુજરાતના પ્રૌઢને રોકાણ પર નફાની લાલચ આપી પોણા અગીયાર લાખનો ચૂનો લગાવી દેવાયો હતો. બીજા બનાવમાં રીટાયર્ડ પીઆઇના નામે ગેરેજ સંચાલકને ગઠીયો છેતરી ગયો હતો.

પ્રથમ ફ્રોડ પર નજર કરીએ તો વડોદરા શહેરના કારેલીબાગ વિસ્તારમાં રહેતા અને હાલ દુબઈમાં એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતા સતાવન વર્ષીય વ્યક્તિને ગોવામાં પ્રોપર્ટીમાં રોકાણ કરાવી સારો નફો અપાવવાની લાલચ આપીને સાયબર ગઠિયાઓએ ૧૦.૭૫ લાખ રૂપિયા પડાવી લીધા છે. આ મામલે સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. મોબાઇલ પર સંપર્ક કરનાર શખ્સે ગૂગલ મીટ મારફતે અન્ય વ્યક્તિ સાથે વાત કરાવી તેમજ વિવિધ કરારો મોકલી વિશ્વાસ સંપાદન કર્યા બાદ રૂપિયા ટ્રાન્સફર કરાવ્યા હતા.

વધુ માહિતી અનુસાર કારેલીબાગની સતકાર સોસાયટીમાં રહેતા અને હાલ દુબઈની એક કંપનીમાં એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતા આધેડે સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં નોધાવેલી ફરિયાદ મુજબ, ઓગસ્ટ-૨૦૨૫માં તેમના મિત્ર અને તેમનો પરિવાર ગોવા ફરવા ગયો હતો. ત્યાં બાગા બીચ પર ૩૨ફ્ઝ એવેન્યુ કંપનીની -ોપર્ટી ઈન્વેસ્ટમેન્ટ સ્કીમનું હોલ્ડિંગ જોવા મળ્યું હતું. ત્યારબાદ મિત્રની પત્નીએ ફરિયાદીની વાત અનંત શુક્લા નામના શખ્સ સાથે કરાવી હતી. અનંતે



રાહુલ મેહરા સાથે ગૂગલ મીટ પર વાત કરાવી ગોવામાં -ોપર્ટીમાં રોકાણની સ્કીમ સમજાવી હતી.

બીજી તરફ આરોપીઓએ ફરિયાદીને ત્રણ કરાર પણ મોકલ્યા હતા, જેના કારણે ફરિયાદીને રોકાણની સ્કીમ સાચી હોવાનું જણાયું હતું. જેથી તેમણે પોતાના બેંક ખાતામાંથી ૧૦.૭૫ લાખ રૂપિયા અનંત શુક્લાએ જણાવેલા બેંક ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા. જોકે, રકમ ટ્રાન્સફર કર્યા બાદ આરોપીઓનો વારંવાર સંપર્ક કરવા છતાં કોઈ જવાબ મળ્યો નહોતો અને મોબાઇલ પણ બંધ કરી દીધો હતો. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતા ફરિયાદીએ સાયબર ક્રાઇમ હેલ્પલાઇન ૧૯૩૦ પર જાણ કરી હતી. જેના આધારે વડોદરા સાયબર ક્રાઇમ પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી હતી.

છેતરપીંડીના અન્ય અન્ય બનાવ પર નજર કરીએ તો વડોદરા શહેરના યાકુતપુરા વિસ્તારમાં રિટાયર્ડ પોલીસ ઇન્સ્પેક્ટર સાથેના જૂના સંબંધ અને ઓળખાણનો ગેરલાભ ઉઠાવી ગેરેજ સંચાલક પાસેથી રોકડા અને ઓનલાઇન મળી એક લાખ પડાવી લીધા બાદ પરત ન આપી છેતરપિંડી આચરવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. ગેરેજ સંચાલકની લેખિત ફરિયાદના આધારે બાપોદ પોલીસે દાનાભાઈ કાનાભાઈ રાઠોડ નામના શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

વધુ માહિતી અનુસાર યાકુતપુરા અજબડી મિલ નજીક કાદરી મોટર્સ ધરાવતા અલ્તાફહુસેન કાદરીએ નોંધાવેલી ફરિયાદ મુજબ, સિટી પોલીસ મથકના પૂર્વ પીઆઈઅને નિવૃત્ત પોલીસ અધિકારી સોસાએ તેમને ફોન કર્યો હતો. પોતે બહારગામ હોવાનું જણાવી પરિચિત દાનાભાઈ રાઠોડને તાત્કાલિક ?૧ લાખની જરૂર હોવાથી મદદ કરવા ભલામણ કરી હતી. જેથી ગેરેજ સંચાલકે પોતાના કારીગરો સાથે દિલ્હી ફૂડ પોઈન્ટ નજીક પહોંચી દાનાભાઈને ૬૫,૦૦૦ રોકડા અને ૩૫,૦૦૦ ઓનલાઇન મારફતે ચૂકવી પૂરા એક લાખ રૂપિયા આપ્યા હતા.

ત્યારબાદ રકમ મેળવી લીધા બાદ દાનાભાઈએ નિવૃત્ત પીઆઇને ફોન કરી નાણાં મળી ગયાની ખાતરી આપી હતી અને ગેરેજ સંચાલકને આગામી ૧૦ થી ૧૨ દિવસમાં તમામ રકમ ચૂકવી દેવાની બાંહેધરી આપી હતી. જોકે, નક્કી કરેલી મુદત વીતી ગયા બાદ ગેરેજ સંચાલકે પોતાના પૈસાની ઉઘરાણી કરતાં દાનાભાઈએ ફોન સ્વીકારવાનું બંધ કરી દીધું હતું અને વારંવાર વાયદા-બહાના કરી રકમ પરત આપી ન હતી. લાંબો સમય વીતવા છતાં નાણાં પરત ન મળતાં પોતે છેતરાયા હોવાનો અહેસાસ થતાં ગેરેજ સંચાલકે આખરે કાયદાનો આશરો લીધો હતો. બાપોદ પોલીસે દાનાભાઈ કાનાભાઈ રાઠોડ વિરુદ્ધ છેતરપિંડી અને વિશ્વાસઘાતનો ગુનો નોંધી આરોપીનું પગેરું મેળવવા અને ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

### સોશિયલ મિડીયા મારફત મોટી મોટી, ખોટી ખોટી વાતો કરી જાળ બીછાવનારાઓથી ચેતજો

# ધરાર પ્રેમીએ અઢી વર્ષ દેહ પીંખી તરછોડી દીધી

## યુવતિએ લગ્ન માટે દબાણ કરતાં લેભાગુએ કહી દીધું મારે કોઇ લગ્ન કરવા નથી: છેતરાયેલી યુવતિ આઘાતમાં ગરક થઇ: પોલીસને જાણ કરતાં એફઆઇઆર નોંધી તપાસ શરૂ કરાઇ

રાજકોટ તા. ૧૪

લેભાગુ તત્વો સોશિયલ મિડીયા સાઇટનો અલગ અલગ માધ્યમોનો દુરૂપયોગ કરી સગીરાઓ, યુવતિઓ, વિદ્યાર્થીનીઓ કે પછી પરિણીતાઓને પોતાની મૈત્રી અને કહેવાતા પ્રેમની જાળમાં ફસાવી લગ્નના નામે આંબા આંબલી બતાવી શોષણ કરી દેહ પીંખી નાંખી તરછોડી દેતાં હોય છે. ઘણીવાર તો આવા લેભાગુઓ શારીરિક શોષણની સાથે સાથે બ્લેકમેઇલ કરી આર્થિક શોષણ પણ કરતાં હોય છે. આવો જ એક ઇન્સ્ટાગ્રામીઓ લેભાગુ લવર એક યુવતિને ઓનલાઇન છેતરી ગયો છે. ઇન્સ્ટાગ્રામ થકી યુવતિને ફસાવી અઢી વર્ષ સુધી તેણીનું શોષણ કર્યુ હતું. છેલ્લે તરછોડી દેતાં યુવતિ પોલીસ પાસે પહોંચી હતી. શારીરિક શોષણનો ભોગ બનેલી આ યુવતિ લગ્નના નામે છેતરાઇ જતાં આઘાતમાં ગરકાવ થઇ ગઇ હતી.

વિગતો પર નજર કરીએ તો સોશિયલ મીડિયાના માધ્યમથી યુવતીઓને પ્રમજાળમાં ફસાવી શારીરિક શોષણ કરવાના કિસ્સાઓ સતત વધી રહ્યા છે. આવો જ વધુ એક ચોંકાવનારો કિસ્સો સુરતના પાલ વિસ્તારમાંથી સામે આવ્યો હતો.. પોલીસ સૂત્રો પાસેથી -ાપ્ત માહિતી અનુસાર, પાલ વિસ્તારમાં રહેતી એક યુવતીનો અઢી વર્ષ પહેલા ઇન્સ્ટાગ્રામ મારફતે કચ્છ-ભુજના માધાપર ખાતે સનરાઇઝ સિટીમાં રહેતા ધર્મ કમલેશભાઈ વોરા નામના યુવક સાથે પરિચય થયો હતો. સોશિયલ મીડિયા પર શરૂ થયેલી આ વાતચીત ટૂંક સમયમાં જ પ્રેમસંબંધમાં પરિણમી હતી. આરોપી ધર્મ વોરાએ યુવતીને મીઠી-મીઠી વાતો કરી પોતાની પ્રેમજાળમાં ફસાવી હતી.

આ પછી તેણે ભવિષ્યમાં તેની સાથે જ લગ્ન કરશે તેવા ખોટા સપના બતાવ્યા હતા. લગ્નના સપના બતાવીને આરોપી ધર્મ વોરાએ યુવતીને વિશ્વાસમાં લીધી હતી. ત્યારબાદ તેણે સુરતના



પાલ વિસ્તારમાં નિશાળ સર્કલ પાસે આવેલી ક્રાઉન પેલેસ હોટલમાં તેમજ ભુજ ખાતે પોતાના ઘર પાસે આવેલી શ્યામ પેલેસ હોટલમાં યુવતીને અવારનવાર મળવા બોલાવી હતી. આ સ્થળોએ તેણે યુવતીની એકલતાનો લાભ ઉઠાવી અને લગ્નની લાલચ આપીને અનેકવાર દુષ્કર્મ આચર્યું હતું. આ સિલસિલો લગભગ અઢી વર્ષ સુધી ચાલ્યો હતો, જેમાં યુવતી સંપૂર્ણપણે છેતરાઈ ગઈ હતી અને આરોપીની ચુંગાલમાં ફસાઈને શારીરિક શોષણનો ભોગ બનતી રહી હતી.

ઓનલાઇન પાંગરેલો આ પ્રેમ યુવતિ માટે સાચ્ચો પ્રેમ હતો. પરંતુ સામે લેભાગુનો ઇરાદો માત્ર શારીરિક શોષણ કરવાનો જ હોય તેવો સાબીત થયો હતો. અઢી વર્ષના લાંબા શારીરિક શોષણ બાદ જ્યારે યુવતીએ ધર્મ વોરા પર લગ્ન કરવા માટે દબાણ કરવાનું શરૂ કર્યું, ત્યારે તેણે પોતાનો અસલી રંગ બતાવ્યો હતો. આરોપીએ શરૂઆતમાં અલગ-અલગ બહાનાં કાઢીને લગ્નની વાત ટાળી હતી. છેવટે તેણે યુવતીને તેની જાતિ અંગે અપશબ્દો બોલી અપમાનિત કરી હતી અને સ્પષ્ટપણે લગ્ન કરવાનો ઇનકાર કરી દઈ તેને તરછોડી દીધી હતી.

પોતાની સાથે થયેલા આ વિશ્વાસઘાત અને દુષ્કર્મની જાણ થતાં જ ભોગ બનનાર યુવતીએ હિંમત દાખવીને પાલ પોલીસ મથકમાં ધર્મ વોરા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. હાલ પાલ પોલીસે ગુનો દાખલ કરી આરોપીને ઝડપી પાડવા આગળની કાયદેસરની તપાસ હાથ ધરી હતી. આ રીતે અગાઉ પણ અનેક યુવતિઓ છાત્રાઓ અને ઘણીવાર તો પરણેલી સ્ત્રીઓ આવા લેભાગુઓનો ભોગ બની છેતરાઇ ચુકી છે. આવા લેભાગુ લવરીયાઓ ઓનલાઇન મોટી મોટી અને ખોટી ખોટી વાતો કરી મોહજાળમાં ફસાવી લેતાં હોય છે. બાદમાં પોતાનો સ્વાર્થ પુરો થઇ જતાં જ ગાયબ થઇ જતાં હોય છે. આવા અજાણ્યાઓ ઓનલાઇનીયાઓ સાથે મિત્રતા કે પ્રેમમાં આગળ વધતાં પહેલા સો વખત વિચારવું જરૂરી છે. આ કિસ્સામાં યુવતિ તરફથી સાચ્ચો પ્રેમ હતો. પરંતુ લેભાગુનો ઇરાદો જુદો જ હતો. જેની જાણ યુવતિને છેક અઢી વર્ષ પછી થઇ હતી. ત્યાં સુધીમાં તે સર્વસ્વ ગુમાવી ચુકી હતી.

અગ્નિપરીક્ષામાંથી મુક્તિ

# રાજકોટ-જેતપુર હાઈવેનું ૨૦% કામ બાકી

## જાન્યુઆરી સુધીમાં ટ્રાફિક મુક્ત બનશે રોડ : બ્રિજોની સંખ્યા વધીને ૩૨ થઈ : ૨૬ બ્રિજ વાહનવ્યવહાર માટે કાર્યરત

રાજકોટ, તા. ૧૫

રૂ. ૧૨૦૪ કરોડના વિશાળ ખર્ચે સાકાર થઈ રહેલા ૬૭ કિલોમીટર લાંબા રાજકોટ-જેતપુર સિક્સલેન હાઈવે પ્રોજેક્ટની કામગીરી બે વર્ષના લાંબા સમય બાદ હવે આખરે આખરી તબક્કામાં પહોંચી ગઈ છે. શરૂઆતના તબક્કે આ કામગીરી અત્યંત ગોકળગતિએ ચાલતી હોવાને કારણે સમગ્ર માર્ગ પર ટ્રાફિકની ગંભીર સમસ્યા સર્જાઈ હતી અને વાહનચાલકો તેમજ સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. અમદાવાદ અને રાજકોટથી જૂનાગઢ, સોમનાથ અને ગાંધીભૂમિ પોરબંદર જેવા મહત્વના સ્થળોને જોડતો આ મુખ્ય માર્ગ ૨૪ કલાક વાહનોની અવરજવરથી ધમધમતો રહે છે. સતત વધતા ટ્રાફિકના ભારણ વચ્ચે હાઈવે પર કિલોમીટરો સુધી વાહનોની લાંબી લાઈનો લાગતાં વાહનચાલકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. આ અંગેની વ્યાપક ફરિયાદો જિલ્લા વહીવટી તંત્ર અને રાજ્ય સરકાર સુધી પહોંચતા જ સમગ્ર પ્રોજેક્ટની કામગીરીમાં ઝડપ લાવવા કડક સૂચનાઓ આપવામાં આવી હતી. વહીવટી તંત્ર દ્વારા કોન્ટ્રાક્ટરને તાકીદ કરીને જેમ જેમ બ્રિજ તૈયાર થાય તેમ તેમ તેને તાત્કાલિક ટ્રાફિક માટે ખુલ્લા મૂકવાની નીતિ અપનાવવામાં આવી હતી. આ દરમિયાન ટ્રાફિકનું સુચારુ સંચાલન થાય તે માટે માર્શલો અને ટ્રાફિક પોલીસની ખાસ ટીમો પણ તૈનાત કરવામાં આવી હતી. આ તમામ પ્રયાસો અને કડક મોનિટરિંગના પરિણામે હવે કામગીરીએ ગતિ પકડી છે અને સમગ્ર પ્રોજેક્ટનું ૮૦ ટકા જેટલું કામ સફળતાપૂર્વક પૂર્ણ કરી દેવામાં આવ્યું છે.

ટ્રાફિકના વધતા ભારણને ધ્યાનમાં રાખીને પ્રોજેક્ટની મૂળ રૂપરેખામાં તાજેતરમાં મહત્વનો ફેરફાર કરવામાં આવ્યો છે. શરૂઆતમાં આ સિક્સલેન હાઈવે પર કુલ ૩૦ બ્રિજો બનાવવાનું



આયોજન હતું, પરંતુ બાદમાં જરૂરિયાત મુજબ વધુ બે નવા બ્રિજનો ઉમેરો કરવામાં આવતાં હવે કુલ બ્રિજોની સંખ્યા વધીને ૩૨ થઈ ગઈ છે. આ નવા બે બ્રિજ ચોરડી અને મીરા ઉદ્યોગ નગર ખાતે આકાર લેશે, જેની કામગીરી પણ ઝડપથી શરૂ કરી દેવામાં આવશે અને આગામી ત્રણથી ચાર મહિનાની અંદર તેને પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. આ ઉપરાંત, ગોંડલ ચોકડી પાસે બની રહેલા ઓવરબ્રિજની એક સાઇડની કામગીરી આજથી જ વિધિવત રીતે શરૂ કરી દેવાઈ છે, જ્યારે બીજી સાઇડનું કામ પણ ચાલુ મહિનાના અંત સુધીમાં સત્તાવાર રીતે હાથ ધરવામાં આવશે. અત્યાર સુધીમાં તૈયાર થઈ ગયેલા ૩૨માંથી ૨૬ જેટલા બ્રિજોને ટ્રાફિકની સમસ્ય હળવી કરવા માટે વાહનવ્યવહાર માટે ખુલ્લા મૂકી દેવામાં આવ્યા છે, જેથી વાહનચાલકોને મોટી રાહત મળી છે.

સમગ્ર રાજકોટ-જેતપુર સિક્સલેન પ્રોજેક્ટમાં કોરાટ ચોકડીથી ખોડિયાર હોટલ વચ્ચે બની રહેલો બ્રિજ તકનીકી દ્રષ્ટિએ સૌથી મોટો અને અત્યંત જટિલ માનવામાં આવે છે. આ વિશિષ્ટ બ્રિજના નિર્માણમાં અન્ય સામન્ય બ્રિજોની સરખામણીએ ઘણો વધુ સમય અને ટેકનિકલ ચોકસાઈ માંગી લે તેમ છે. તંત્રના જણાવ્યા અનુસાર, આ મુખ્ય અને ટેકનિકલ બ્રિજ આગામી વર્ષના જાન્યુઆરી અથવા ફેબ્રુઆરી મહિના સુધીમાં સંપૂર્ણ રીતે તૈયાર થઈ જશે. આ મહત્ત્વપૂર્ણ બ્રિજનું નિર્માણ કાર્ય પૂરું થવાની સાથે જ સમગ્ર રાજકોટ-જેતપુર સિક્સલેન હાઈવેની તમામ કામગીરી સત્તાવાર રીતે આટોપી લેવામાં આવશે. આગામી જાન્યુઆરી સુધીમાં પ્રોજેક્ટ સંપૂર્ણ પૂરો થતાં જ સૌરાષ્ટ્રના આ સૌથી વ્યસ્ત અને મહત્વના રોડ પરથી પસાર થતાં હજારો વાહનચાલકોને ટ્રાફિકના અજગરી ભરડામાંથી કાયમી મુક્તિ મળશે અને તેમનો સમય તથા બળતણ બંનેની બચત થશે.

# રાજકોટના રાજમાર્ગો બનશે 'હોકર્સ ફ્રી'

## મનપાની નવી પોલિસી આખરી ઓપ તરફ, બોર્ડમાં મુકાશે દરખાસ્ત



રાજકોટ, તા. ૧૫

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના મુખ્ય માર્ગોને હોકર્સ ફ્રી બનાવવા અને નાના વેપારીઓને રોજીરોટી મળી રહે તે હેતુથી તૈયાર કરાયેલી ડ્રાફ્ટ પોલિસી માટે વાંધા-સૂચનો મેળવવાની મુદત પૂર્ણ થઈ ચૂકી છે. હવે આ દરખાસ્ત આગામી જનરલ બોર્ડની બેઠકમાં મંજૂરી અર્થે રજૂ કરવામાં આવશે, જેના પર નિર્ણય લેવાયા બાદ પોલિસીનો અમલ શરૂ થશે.

આ પોલિસીનો મુખ્ય હેતુ લારી-ગલ્લા અને હોકર્સ તરીકે વ્યવસાય કરતા નાના વેપારીઓને ચોક્કસ જગ્યા, પાયાની સુવિધાઓ અને રોજગારની તકો પૂરી પાડવાનો છે. તેની સાથે જ શહેરના મુખ્ય રાજમાર્ગો પર ટ્રાફિકની સમસ્યા હળવી થાય, સ્વચ્છતા જળવાય અને જાહેર વ્યવસ્થા ખોરવાય નહીં તે બાબત પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. મનપાની સત્તાવાર વેબસાઈટ પર જાહેર કરાયેલી આ પોલિસી અંગે હોકર્સ અને નાગરિકો પાસેથી મળેલી રજૂઆતો ધ્યાને લેવામાં આવશે. જનરલ બોર્ડમાં વિસ્તૃત ચર્ચા કર્યા બાદ જ આ નીતિને અંતિમ મંજૂરી આપવામાં આવશે.

રાજકોટ જેવા ઝડપથી વિકસતા અને ધમધમતા શહેરમાં 'હોકર્સ ઝોન પોલિસી' અમલમાં મૂકવી એ સમયની મોટામાં મોટી જરૂરિયાત બની ગઈ છે. શહેરના ૧૫૦ ફીટ રિંગ રોડ, કલાવડ રોડ, યાજ્ઞિક રોડ અને ધર્મેન્દ્ર રોડ જેવા મુખ્ય રાજમાર્ગો પર રોડની બંને બાજુએ ઊભી રહેતી અનિયંત્રિત લારીઓ અને ફેરિયાઓના કારણે રસ્તાઓ સાંકડા થઈ જાય છે, જેના પરિણામે દરરોજ ગંભીર ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે. નવી પોલિસી હેઠળ હોકર્સ ઝોન નક્કી થવાથી રસ્તાઓ ખુલ્લા થશે અને વાહનચાલકો માટે અવરજવર અત્યંત સરળ બની જશે. આ ઉપરાંત, વર્તમાન સમયમાં લારી-ગલ્લા ધારકોને વારંવાર દબાણ હટાવ ઝુંબેશનો સામનો કરવો પડે છે, જેનાથી તેમની રોજીરોટી પર સતત અનિશ્ચિતતાની તલવાર લટકતી રહે છે. પોલિસીથી નાના વેપારીઓને ચોક્કસ સ્થાન અને સત્તાવાર ઓળખપત્ર મળશે, જેથી તેઓ કોઈ પણ પ્રકારના ડર વગર સન્માનપૂર્વક પોતાનો વેપાર કરી શકશે.

બીજી તરફ, ખુલ્લા રસ્તાઓ પર વેપાર કરતા આ નાના વેપારીઓને અત્યાર સુધી લાઈટ, પીવાનું શુદ્ધ પાણી, શૌચાલય કે કચરા નિકાલ જેવી પાયાની સુવિધાઓ મળતી નહોતી, જે હવે મનપા દ્વારા નિર્ધારિત હોકર્સ ઝોનમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ વ્યવસ્થાથી રસ્તાઓ પર આડેધડ કચરો ફેંકાતો અટકશે, જેથી શહેરની એકંદર સ્વચ્છતા અને જાહેર આરોગ્યની સ્થિતિમાં સુધારો થશે. સર્વે અને પારદર્શક રજિસ્ટ્રેશન પ્રક્રિયા દ્વારા શહેરનું અર્બન પ્લાનિંગ સુગ્રથિત બનશે અને ગેરકાયદે દબાણો પર કાયમી બ્રેક લાગશે. આમ, હોકર્સ ઝોન પોલિસી એ રાજકોટના સામાન્ય નાગરિકો માટે સુગમ વાહનવ્યવહાર અને નાના ફેરિયાઓ માટે સ્થાયી રોજીરોટીનું સંતુલન સાધતી અત્યંત મહત્વપૂર્ણ યોજના છે.

### સમગ્ર શહેરમાં સુચારુ રૂપે પીવાના પાણીનું વિતરણ જાળવી શકાય તે હેતુસર

# શહેરમાં છ દિવસ પાણી પુરવઠો બંધ

## ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિ.ના મેઈન્ટેનન્સ અને પાઈપલાઈન લીકેજ રિપેરિંગના કારણે લોકોએ વેઠવી પડશે હાલાકી

રાજકોટ, તા . ૧૫.

ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિ. દ્વારા નર્મદા પાઈપલાઈન આધારિત પમ્પિંગ સ્ટેશનો (NC-૩૨, ૩૩ તથા ૩૪) પર મેઈન્ટેનન્સની કામગીરી હાથ ધરવામાં આવનાર હોવાથી, આગામી તા. ૧૮-૦૯-૨૦૨૬ થી તા. ૨૦-૦૯-૨૦૨૬ સુધી રાજકોટ મહાનગરપાલિકાના બેડી WTP, ન્યારા ઓફટેક પમ્પિંગ સ્ટેશન તથા કોઠારીયા ખાતે નર્મદાના પાણીનો પૂરતો જથ્થો ઉપલબ્ધ થઈ શકશે નહીં. આ ઉપરાંત આજી ફિલ્ટર પ્લાન્ટથી ગ્રીનલેન્ડ પમ્પિંગ સ્ટેશન તરફ ટ્રાન્સફર કરવામાં આવતી પાઈપલાઈનમાં પણ લીકેજ થયેલ હોય, તેના રિપેરિંગ કામ સબબ પાણીનો અપૂર્ણ જથ્થો પ્રાપ્ત થવાનો છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સમગ્ર શહેરમાં સુચારુ રૂપે પીવાના પાણીનું વિતરણ જાળવી શકાય તે હેતુસર રાજકોટ મહાનગરપાલિકાના વોટર મેનેજમેન્ટ યુનિટ દ્વારા તબક્કાવાર રીતે વિવિધ હેડવર્ક્સ બંધ રાખી પાણી કાપ મૂકવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજન હેઠળ, સૌથી પહેલાં તા. ૧૬-૦૯-૨૦૨૬ ના રોજ ઈસ્ટ ઝોનનું ગ્રીનલેન્ડ હેડવર્ક્સ બંધ રહેતા વોર્ડ નં. ૪ ના વિસ્તારોમાં પાણી પુરવઠો બંધ રહેશે.

ત્યારબાદ તા. ૧૭-૦૯-૨૦૨૬ ના રોજ ઈસ્ટ ઝોનના ગ્રીનલેન્ડ અને આજી-૩૦ હેડવર્ક્સ બંધ રહેવાથી વોર્ડ નં. ૪, ૫ અને ૬ ના ભાગોને અસર થશે.

તા. ૧૮-૦૯-૨૦૨૬ ના રોજ વેસ્ટ ઝોનમાં રૈયાધાર (ગાંધીગ્રામ - વોર્ડ ૧, ૩, ૭), ન્યારી ફિલ્ટર-જૂનો ESR (વોર્ડ ૯, ૧૦), મવડી બપોર પછીનો વિસ્તાર (વોર્ડ ૧૧, ૧૨, ૧૩) તથા વાવડી (વોર્ડ ૧૨) તેમજ સેન્ટ્રલ ઝોનમાં જીલ્લા ગાર્ડન (વોર્ડ ૭, ૧૪) અને જ્યુબેલી-જંકશન (વોર્ડ ૨, ૩) હેડવર્ક્સ બંધ રહેશે.

આગળ જતાં તા. ૧૯-૦૯-૨૦૨૬ ના રોજ વેસ્ટ ઝોનમાં રૈયાધાર રીંગ રોડ (વોર્ડ ૯), રીંગ રોડ પંપ. સ્ટે. (વોર્ડ ૯), સોહમનાગર (વોર્ડ ૨), ચંદ્રેશનગર (વોર્ડ ૮, ૧૧) બંધ રહેશે; સેન્ટ્રલ ઝોનમાં ગુરુકુળ-ઢીબર રોડ (વોર્ડ ૭, ૧૪, ૧૭) અને લાલ બહાદુર (વોર્ડ ૧૭, ૧૮) બંધ રહેશે; જ્યારે ઈસ્ટ અને બેડી ઝોન આધારિત આજી-૧૮ (વોર્ડ ૧૫, ૧૬, ૧૮), તિરુપતિ (વોર્ડ ૧૮) અને બેડી આધારિત વોર્ડ ૪ ના વિસ્તારોમાં પાણી સપ્લાય બંધ રહેશે.

તા. ૨૦-૦૯-૨૦૨૬ ના રોજ વેસ્ટ ઝોનનું ઘંટેશ્વર/જેટકો (વોર્ડ ૧, ૩, ૧૦, ૧૧, ૧૨) અને ન્યારી ફિલ્ટર-નવો ESR (વોર્ડ ૨, ૭, ૮), સેન્ટ્રલ ઝોનનું રેલનગર/બજરંગવાડી (વોર્ડ ૨, ૩), ગુરુકુળ-ગોંડલ રોડ (વોર્ડ ૭, ૧૩), જીલ્લા ગાર્ડન (વોર્ડ ૭, ૧૪) તથા ઈસ્ટ ઝોનનું વિનોદનગર/સ્વાતી (વોર્ડ ૧૭, ૧૮) અને દૂધ સાગર (વોર્ડ ૬, ૧૫) બંધ રહેશે.



અંતમાં તા. ૨૧-૦૯-૨૦૨૬ ના રોજ વેસ્ટ ઝોનમાં રૈયાધાર રીંગ રોડ (વોર્ડ ૮, ૧૦), રીંગ રોડ પંપ. સ્ટે. (વોર્ડ ૮, ૧૦), ચંદ્રેશનગર (વોર્ડ ૮, ૧૧, ૧૩) અને મવડી સવારનો વિસ્તાર (વોર્ડ ૮, ૧૦, ૧૧, ૧૨, ૧૩) તેમજ સેન્ટ્રલ ઝોનમાં જ્યુબેલી-જંકશન (વોર્ડ ૨, ૩) અને ઈસ્ટ ઝોનમાં કોઠારીયા-ડાયરેક્ટ (વોર્ડ ૧૮) ખાતે પાણી વિતરણ બંધ રહેશે. આથી, એડી. સીટી એન્જીનીયર (વોટર મેનેજમેન્ટ યુનિટ, રાજકોટ મહાનગરપાલિકા) દ્વારા જાહેર જનતાને આ દિવસો દરમિયાન પાણીનો પૂરતો સંગ્રહ કરી લેવા અને કરકસરપૂર્વક ઉપયોગ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિ. દ્વારા સમગ્ર પશ્ચિમ ગુજરાત વીજ ઝોનમાં સ્માર્ટ મીટર સ્થાપનની કામગીરી તબક્કાવાર હાથ ધરવામાં આવી

# PGVCLના સ્માર્ટ મીટરનો આંકડાકીય ચમકારો

## જૂના મીટરની સરખામણીએ સ્માર્ટ મીટર ખૂબ ઝડપથી ફરે છે, જેના કારણે મહિનાનું વીજ બિલ અચાનક વધી ગયું : ગ્રાહકો હેરાન-પરેશાન

રાજકોટ, તા. ૧૫

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિ. દ્વારા સમગ્ર પશ્ચિમ ગુજરાત વીજ ઝોનમાં સ્માર્ટ મીટર સ્થાપનની કામગીરી તબક્કાવાર હાથ ધરવામાં આવી રહી છે, જેમાં અત્યાર સુધીમાં ૮.૨૦ લાખથી વધુ સ્માર્ટ મીટર સ્થાપિત કરવાનો દાવો કરાયો છે. રાજકોટ ગ્રામ્ય વર્તુળ કચેરી હેઠળ પણ ૪૨,૦૦૦થી વધુ ગ્રાહકોએ સ્માર્ટ મીટર અપનાવ્યા છે, જેમાં ધોરાજીમાં ૧૦,૧૦૦, ગોંડલમાં ૧૧,૦૦૦, જસદણમાં ૮,૪૦૦, જેતપુરમાં ૪,૮૫૦ તથા રૂરલ ડિવિઝનમાં ૭,૮૫૦ ગ્રાહકોનો સમાવેશ થાય છે. તંત્ર દ્વારા સવારે ૧૧:૦૦ થી સાંજે ૫:૦૦ વાગ્યા સુધીના સમયગાળામાં વીજ વપરાશ કરવા બદલ રૂ. ૦.૬૦ પ્રતિ યુનિટના વળતરવાળી 'ટાઈમ ઓફ યુઝ' (TOU) યોજના હેઠળ કરોડો રૂપિયાનું ડિસ્કાઉન્ટ આપ્યાનો આંકડાકીય ચમકારો દેખાડવામાં આવી રહ્યો છે. પરંતુ કાગળ પરની આ ગુલાબી તસવીર પાછળ તંત્રની નબળી કામગીરી અને ગ્રાહકોની વાસ્તવિક મુશ્કેલીઓ છુપાયેલી છે.

સૌપ્રથમ તો, ઝઘઞ યોજના હેઠળ સવારે ૧૧:૦૦ થી સાંજે ૫:૦૦ નો સમયગાળો જ ગ્રાહકો માટે બિનવ્યવહારુ છે. મોટાભાગના મધ્યમવર્ગીય અને નોકરિયાત પરિવારો આ કલાકો દરમિયાન પોતપોતાના કામકાજના સ્થળે કે નોકરી પર હોય છે. આવી સ્થિતિમાં ઘરમાં વોશિંગ મશીન, પાણીની મોટર કે અન્ય ભારે વીજ ઉપકરણો ચલાવવા વ્યવહારિક રીતે અશક્ય બની જાય છે. ગ્રાહકોને વળતર મેળવવા માટે પોતાની દિનચર્યા બદલવાની ફરજ પાડવામાં આવે છે, જે તંત્રની આયોજન વગરની નીતિ સ્પષ્ટ કરે છે.

બીજી તરફ, PGVCL સ્માર્ટ મીટર એપ ગ્રાહકો માટે સુવિધાને બદલે માથાનો દુખાવો બની ગઈ છે. એપમાં લાઈવ ડેટા અપડેટ થવાને બદલે કલાકો કે દિવસો જૂની વિગતો દર્શાવવામાં આવે છે, જેનાથી ગ્રાહક પોતાના વાસ્તવિક વીજ વપરાશ પર કોઈ અંકુશ રાખી શકતો નથી. વારંવાર સર્વર ડાઉન થવું, પેમેન્ટ હિસ્ટ્રી ગાયબ થઈ જવી અને એપ હેંગ થવી જેવી તકનીકી ખામીઓ છતાં તંત્ર ડિજિટલ સેવાઓની વાહવાહ લૂંટવામાં મશગૂલ છે.

સૌથી ગંભીર બાબત એ છે કે સ્માર્ટ મીટર લાગ્યા બાદ જૂના મીટરની સરખામણીએ બિલમાં ધરખમ વધારો થયો હોવાની ગ્રાહકોની વ્યાપક ફરિયાદો છે. ગ્રાહકોમાં એવી દહેશત છે કે મીટર રીડિંગ અત્યંત ઝડપી થઈ રહ્યું છે, પરંતુ આ ફરિયાદોના નિવારણ માટે તંત્ર પાસે કોઈ પારદર્શક કે ત્વરિત ચેકિંગ વ્યવસ્થા નથી. યોગ્ય જાગૃતિ કે ગ્રાહકોની સ્પષ્ટ સંમતિ વિના જ મીટરો બદલી નાખવાની આ મનસ્વી નીતિ સામે ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં ભારે અસંતોષ વ્યાપેલો છે. તંત્ર માત્ર આંકડાકીય સિદ્ધિઓ દર્શાવવાને બદલે પોતાની કામગીરીની ખામીઓ દૂર કરે તે અત્યંત જરૂરી છે.



### આધુનિક સુવિધા કે પ્રજા માટે વધારાનો બોજ?

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિ. દ્વારા સમગ્ર ક્ષેત્રમાં સ્માર્ટ મીટર સ્થાપિત કરવાની ઝુંબેશ ઝડપથી ચલાવવામાં આવી રહી છે. સ્માર્ટ મીટર એ પરંપરાગત મીટરનું આધુનિક સ્વરૂપ છે, જેનો મુખ્ય હેતુ ગ્રાહકોને રીઅલ-ટાઇમ વીજ વપરાશની જાણકારી પૂરી પાડવાનો, માનવભૂલ વગર ઓટોમેટિક રીડિંગ મેળવવાનો અને ઊર્જા બચત તરફ પ્રોત્સાહિત કરવાનો છે. આ સિસ્ટમ દ્વારા ગ્રાહકો પોતાના મોબાઈલ એપ મારફતે દર કલાકે કે દરરોજ કેટલો વીજ વપરાશ થયો છે તેની વિગતો જોઈ શકે છે અને 'ટાઈમ ઓફ યુઝ' જેવી યોજનાઓ હેઠળ ઓફ-પીક અવર્સમાં વીજ વપરાશ કરીને બિલમાં ડિસ્કાઉન્ટનો લાભ મેળવી શકે છે. તદુપરાંત, વીજ કંપનીઓ માટે વીજ ચોરી અટકાવવા અને સિસ્ટમ સુધારવા માટે પણ આ તકનીક અત્યંત મહત્વપૂર્ણ ગણાવવામાં આવી રહી છે. જોકે, તંત્ર દ્વારા દર્શાવવામાં આવતા આ આધુનિક ચિત્ર સામે પ્રજાનો પ્રતિસાદ તદ્દન વિપરીત અને ભારે અસંતોષજનક રહ્યો છે. મોટાભાગના ગ્રાહકોની મુખ્ય ફરિયાદ એ છે કે જૂના મીટરની સરખામણીએ સ્માર્ટ મીટર અત્યંત ઝડપથી ફરે છે, જેના કારણે બિલમાં અચાનક ધરખમ વધારો જોવા મળ્યો છે. આ ઉપરાંત, શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં ગ્રાહકોની પૂરતી જાગૃતિ કે સ્પષ્ટ સંમતિ વગર જ જૂના મીટર બદલી નાખવામાં આવ્યા હોવાનો આરોપ પણ ઉઠ્યો છે.